સુવિચાર

પરીક્ષાઓ પસાર કરવાની તૈયારી વગર પદવી મેળવવાની અપેક્ષા રાખવી એ તદ્દન અઘટિત છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૦/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૭૯ ભાદરવા વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૪૨


### જાગૃત્ત નાગરિક નાથાલાલ સુખડીયાની રજૂઆત બાદ કલેક્ટરનો નિર્ણય

# સાંસદનાં નિવાસ સ્થાન નજીક બનેલ માર્ગની SIT તપાસ કરશે

### કાર્યપાલક ઈજનેરનાં નેતૃત્વમાં ૩ ઈજનેરની ટીમ થયેલ કામગીરીની અરજદાર સાથે તપાશ કરશે



અમરેલી, તા. ૩૦

અમરેલીનાં સાંદનાં નિવાસ સ્થાન નજીક જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ માર્ગમાં ઉઘાડી લૂંટ થયાના આક્ષેપ અને છેક પીએમઓ અને સીએમઓ સુધી જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ ફરિયાદ કરતાં કલેકટર ધ્વારા સમગ્ર પ્રકરણ અંગે તટસ્થ તપાસ કરવા સીટની રચના કરવાની સુચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં સાંસદનાં નિવાસ સ્થાન નજીકથી ચકકરગઢ ગામને જોડતા નોન પ્લાન માર્ગ પૈકીનાં ટાંકાધારથી ભોજલીયા હનુમાન સુધીનાં ૧૫૬૬ મીટર લંબાઈ અને પાંચ મીટર પહોળાઈનાં માર્ગની શરૂઆત જાન્યુઆરીમાં શરૂ થયેલ અને કામનું ટેન્ડર ૨૩.૫૦ ટકા ઓનમાં અપાયેલ અને તેમનું સુપરવિઝન સાંસદનાં પૌત્રને સરકારી નિયમ મુજબ અપાયેલ.

દરમિયાનમાં માર્ગ બનાવવામાં નિયમ મુજબ લોખંડનો ઉપયોગ ન થયાનો આક્ષેપ ઉભો થયો અને બાદમાં જાગૃત નાગરિકે પીએમઓ સુધી ફરિયાદ કરતાં તેની પ્રાથમિક તપાસ શરૂ થઈ હતી. જેમાં અનેક પ્રકારની ગેરરીતિ ક્રમશઃ પ્રકાશમાં આવતાં અંતે સ્વાગત કાર્યક્રમ દરમિયાન કલેકટરે માર્ગમાં થયેલ કથિત તમામ ગેરરીતિની તપાસ માટે કાર્યપાલક ઈજનેરની અધ્યક્ષતામાં ૩ અધિકારીઓની એક સીટની રચના કરીને અરજદારની ઉપસ્થિતિમાં તપાસ કરવાની સુચના આપતાં આ પ્રકરણમાં આગામી દિવસોમાં કડાકા–ભડાકાનાં એંધાણ જોવા મળી રહ્યા છે.

### જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા થયો હુકમ

# બગસરા : માણેકવાડા મંડળીનાં મંત્રીને ઉચાપત પ્રકરણમાં ફરજ મોકુફ કરી દેવાયા

### જિલ્લા બેન્કની ભલામણનાં આધારે કાર્યવાહી

અમરેલી, તા. ૩૦

શ્રી માણેકવાડા સેવા સહકારી મંડળી લી.નું અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મોટા મૂંજીયાસર શાખા દ્વારા તા. ૨૧/૩/૨૦૨૧ સુધીનું ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવેલ છે. તેમાં જણાયેલ ગેરરીતિ બાબતે જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા જણાવી ગુજરાત સહકારી અધિનિયમની ૧૯૬૧ની કલમ–૮૯ હેઠળ મંત્રી સામે નીચેના કારણોસર કાયદાકીય ભલામણ કરેલ.

મંત્રી સાગરભાઈ અરવિંદભાઈ પટોળિયાએ સને : ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦ અને સને : ૨૦૨૦–૨૧ના વર્ષ દરમ્યાન સભાસસદોની ધિરાણની રોકડ વસૂલાત આવેલ તેમાંથી દસ્તાવેજી પુરાવા વગર રોકડ લોન મંજૂર કરી

અનુસંધાન પાના ૬ ઉપર


દુઃખદ અવસાન/બેસણું



સ્વ. બાવાભાઈ નાનજીભાઈ માતરીયા
સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૧ ને શનિવાર તા. ૩૦-૦૯-૨૦૨૩

દિલગીરી સાથે જણાવવાનું કે ગામ લાલાવદર નિવાસી અમારા પિતાશ્રી બાવાભાઈ નાનજીભાઈ માતરીયા (ઉ.વ.૯૨) તા. ૩૦-૦૯-૨૦૨૩ શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના...

સદ્દગતનું બેસણું
તારીખ : ૦૨-૧૦-૨૦૨૩ ને સોમવાર
સમય : સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી
સ્થળ : અમારા નિવાસ સ્થાને. મુ. લાલાવદર.

લી.
ધીરૂભાઈ બાવાભાઈ માતરીયા મો. ૯૮૨૫૭ ૨૧૬૬૬
રતિલાલ બાવાભાઈ માતરીયા મો. ૮૧૨૮૩ ૬૧૧૧૧
પંકજભાઈ બાવાભાઈ માતરીયા મો. ૯૯૦૯૫ ૨૨૪૫૫
માતરીયા પરિવારનાં "જયશ્રીકૃષ્ણ"

૭૦માં જન્મદિન નિમિત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
મત્સ્યઉદ્યોગ, પશુપાલન, ડેરી મંત્રાલય
કેન્દ્રીય મંત્રીશ્રી
ભારત સરકારના કેન્દ્રીય મંત્રી
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી નાં ૭૦માં જન્મદિન નિમિત્તે તેઓને દીઘાર્યુ, યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...



: શુભેચ્છક :
ડીઝાઈન પોઈન્ટ
તેમજ સ્ટાફ પરિવાર
ગણેશ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, અમરેલી.




LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

બી.એડ. પ્રવેશ માટે
૯૯૦૯૫ ૨૩૪૧૮

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૭૦માં જન્મદિન નિમિત્તે
ખુબ-ખુબ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
મત્સ્યઉદ્યોગ, પશુપાલન, ડેરી મંત્રાલય
કેન્દ્રીય મંત્રીશ્રી
ભારત સરકારના કેન્દ્રીય મંત્રી
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી નાં ૭૦માં જન્મદિન નિમિત્તે તેઓને દીઘાર્યુ, યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...



શુભેચ્છક
OXFORD SCHOOL OF SCIENCE AMRELI
ઓક્સફર્ડ
સ્કૂલ ઓફ સાયન્સ
શાળા પરિવાર વતી
મયુર ગજેરા
(સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા)
નિલેશ ગજેરા (ડાયરેક્ટર)
પ્રહલાદ વામજા (કેમ્પસ ડાયરેક્ટર)

### મહાત્મા ગાંધીને જન્મદિને સ્વચ્છાંજલિ આપવાનાં કાર્યક્રમની તૈયારી વચ્ચે


# બાબરામાં ડહોળુ અને ગંધાતુ પાણી વિતરણ થતાં નારાજગી

**જનતા જનાર્દન સરકારી તિજોરી નાણાથી છલકાવી દે છતાં શુધ્ધ પીવાનું પાણી પણ મેળવવાને હકકદાર રહેતી નથી**

**એક તરફ રોગચાળાનો માહોલ અને બીજી તરફ ગંધાતું પાણી પીવા માટે ઘરે-ઘરે અપાતા ચિંતામાં વધારો**

**પાલિકાનાં ચીફ ઓફિસરે ગણતરીની કલાકોમાં સમસ્યાનો નિકાલ થવાની ખાત્રી આપી**

**ચારે દિશામાંથી વિકાસની ગુલબાંગોનાં અવાજો આવી રહ્યા છે અને વાસ્તવિકતા ભયજનક**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરામાં છેલ્લા ઘણા સમયથી પાણી ખુબજ ડહોળા પ્રમાણમાં અને વાસ મારતું આવતું હોવાથી લોકો દ્વારા પાલિકા કચેરીમાં ફરિયાદ કરવામાં આવતી હતી પણ કોઈ સમસ્યાનો ઉકેલ આવતો નથી અને ડહોળું પાણી વિતરણ શરૂ રહેતા લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા થવા લાગ્યા અને શહેરના લોકોને પાણી પીવાથી આરોગ્ય બગડશે તેવી ભીતિ પણ લાગવા લાગી છે.

નગરપાલિકા ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ઉપર સમ્પ હાઉસમાં વરસાદનું પાણી ભળી જતા સમ્પ હાઉસની સફાય હાથ ધરી હતી જેના કારણે હમણાં શહેરમાં બે દિવસ પાણી વિતરણ પણ બંધ રાખ્યું હતું હાલ સફાઈ થયે એક–બે દિવસમાં શહેરમાં પહેલાની જેમ ચોખ્ખું પાણી વિતરણ થશે. બાબરા નગરપાલિકા પાસે કોઈ ફિલ્ટર પ્લાન નથી જેથી આ પ્રકારના પાણી આવે ત્યારે ફટકડી કે કલોરીન નાખી પાણીને ચોખ્ખું કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

હાલ શહેરના દરેક વોર્ડ વિસ્તારમાં ડહોળું પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે અને દર ચોમાસામાં આ સમસ્યાનું સર્જન થાય છે. જો પાલિકા દ્વારા પાણી વિતરણ બંધ કરે તો પીવાના પાણીની સમસ્યાઓ સર્જાય કારણ કે નગરપાલિકા પાસે પાણીનો આધાર માત્ર મહિ પરીએજ યોજના નર્મદાનું પાણી છે. કરીયાણાં રોડ પર આવેલ સ્થાનિક સોર્સનો પ્લાન વર્ષોથી ધૂળ ખાય છે ત્યારે નગરપાલિકા દ્વારા પાણી પુરવઠા વિભાગ પાસેથી ફિલ્ટર પ્લાન્ટ વસાવવામાં આવે અને સ્થાનિક સોર્સ ત્વરિત શરૂ કરવામાં આવે જેથી લોકોને નિયમિત ચોખ્ખું પીવાનું પાણી મળી રહે.

### જિલ્લાનાં મુખ્ય મથકને બ્રોડગેજ સાથે જોડવાની માંગ સાથે

# અમરેલીમાં મહાત્મા ગાંધીનાં જન્મદિને આવતીકાલે ''મિશન બ્રોડગેજ'' અંતર્ગત પ્રતિક ઉપવાસ

**ડો. જીવરાજ મહેતા ચોકમાં સવારનાં ૯થી સાંજનાં ૫ સુધી ઉપવાસ કરાશે**

અમરેલી, તા. ૩૦

આઝાદીના ૭૬ વર્ષ પછી પણ અમરેલીના જિલ્લા મથક અમરેલી શહેરમાં બ્રોડગેજ લાઈન ન હોવાને કારણે વિકાસથી સંપૂર્ણ વંચિત અને આજ સુધી પછાત રહેલા શહેરને તાત્કાલિક બ્રોડગેજ લાઈન મળે અને લાંબા અંતરની ટ્રેનો મળે જેથી અમરેલીની જનતાને ભારતના અગ્રગણ્ય ધાર્મિક શહેરો તેમજ મહાનગરો સાથે સીધું જોડાણ થવાથી અમરેલીનો પ્રવાસન સ્થળ તરીકે અને ધંધા ઉદ્યોગ ક્ષેત્રે પણ વિકાસ થશે એ ચોક્કસ વાત છે. એટલે બ્રોડગેજ એ અમરેલીનો પ્રાણ પ્રશ્ન છે જેના માટે..



મિશન બ્રોડગેજ સમિતિ અમરેલી દ્વારા તા. ૨ ઓકટોબર ૨૦૨૩ને સોમવાર 'મહાત્મા ગાંધી જયંતિ' નિમિત્તે સવારે ૦૯ વાગ્યાથી સાંજના ૦૬ વાગ્યા સુધી અમરેલીને તાત્કાલિક બ્રોડગેજ રેલવે લાઈન મળે તે માટે ડો. જીવરાજ મહેતા (રાજકમલ) ચોકમાં એક દિવસના પ્રતિક ધરણાં (ઉપવાસ) કરવામાં આવશે.

અમરેલી માંગે બ્રોડગેજ અંતર્ગત પ્રતિક ઉપવાસમાં જોડાવા માંગતા નાગરિકોને સવારે ૦૮:૩૦ કલાકે, ગાંધીબાગ ખાતે ગાંધી વંદના માટે ખાસ ઉપસ્થિત રહેવા મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા જણાવાયું છે.

ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં માટે આવનારે સવારે ભુખ્યા પેટે આવવું, ધરણાં સમય દરમિયાન સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ચા અને લીંબુ પાણી સિવાય કાંઈ ખાઈ શકાશે નહીં તેમજ પુરો સમય ઉપવાસ સ્થળે જ હાજર રહેવું પડશે, આ શરતોનું પ્રમાણિકતાપૂર્વક પાલન કરવા ખાસ જણાવવામાં આવ્યું છે.

આ મિશન બ્રોડગેજ અમરેલીને કોઈપણ સંસ્થા, મંડળ, જ્ઞાતિ સંગઠનો, ટ્રસ્ટ, કલબ, એસોશિયેશન, ધાર્મિક કે સામાજિક ગૃપ કે કોઈપણ વ્યકિતગત રીતે સમર્થન આપવા માંગતા હોય તેઓએ ૨ જી ઓકટોબર સોમવાર સવારના ૯ કલાકથી સાંજના ૬ કલાક સુધીમાં જીવરાજ મહેતા ચોક ખાતે ઉપવાસી છાવણીની મુલાકાત લઈ લેખિતમાં પોતાનું સમર્થન આપવા મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ભાઈ સા'બ, હવે તો આંખો ખોલો...



સાવરકુંડલા તાલુકાની વીજપડી–મેરીયાણા રોડની જિલ્લા પંચાયતના અધિકારીઓને અવારનવાર રજૂઆત કરવા છતાં હજી સુધી રોડની બંને બાજુ બાવળો તેમજ વન તુલસીનો વધારે પ્રમાણમાં ઉપદ્રવ જોવા મળે છે. આ રસ્તા ઉપર વન્ય પ્રાણીની અવરજવર હોય છે તેમજ રસ્તે ચાલી જતા મુસાફરો તેમજ વાહન ચાલકો ખૂબ જ પરેશાનીમાં છે. કારણ કે વળાંકમાં આવતા વાહન દેખાતા નથી હોતા જેને કારણે અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના આ તસવીરમાં જણાય આવે છે કારણ કે રોડના ભાગમાં બાવળનું સામ્રાજય વધારે પ્રમાણમાં હોય. તો તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરી હટાવવા લોક માંગ ઉઠી છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### બગસરા નજીક આવેલ

# જેઠીયાવદર ગામે બાઈક નીલગાય સાથે અથડાતા ચાલકનું મોત

**ગંભીર ઈજાઓ થવાનાં કારણે મોત નિપજયું**

અમરેલી, તા. ૩૦

બગસરા તાલુકાનાં સમઢીયાળા ગામે રહેતા કાળુભાઈ કાળીદાસભાઈ લશ્કરી નામનાં ૭૧ વર્ષિય વૃધ્ધ તથા નિખીલભાઈ હિંમતભાઈ લશ્કરી બન્ને ગત તા. ૨૮નાં રોજ સવારે સમઢીયાળા ગામેથી પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૦૩ ૯૫૦૧ લઈ અમરેલી તરફ આવવા નીકળ્યા હતા. ત્યારે મોટર સાયકલ કાળુભાઈ ચલાવતા હોય ત્યારે તેઓ જેઠીયાવદર ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે અચાનક જ મોટર સાયકલ આડે નીલગાય ઉતરતા વૃધ્ધ ચાલકને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયું હતું.

### નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદ્હસ્તે

# કુંકાવાવ ખાતે અમરેલી નાગરિક સહકારી બેન્કની શાખાનો પ્રારંભ

**બેન્કનાં ડાયરેકટર પી.પી. સોજીત્રા પણ ઉપસ્થિત રહ્યાં**

કુંકાવાવ, તા. ૩૦

કુંકાવાવ ખાતે અમરેલી નાગરિક સહકારી બેન્કની શાખાનો પ્રારંભ રાજય સરકારના નાયબ ઉપદંડક અને આ વિસ્તારનાં ધારાસભ્ય એવા કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે પી.પી. સોજીત્રાએ ખાસ હાજર રહીને ઉત્તમ સેવાની ખાત્રી આપી હતી. આમ કુંકાવાવ શહેર તેમજ આસપાસનાં ગામડાનાં લોકોને સહકારી બેન્ક સેવાનો લાભ મળશે. બેન્ક ધ્વારા ગ્રાહકો માટે ઉત્તમ સેવા સાથે પોતાની ભાષામાં તમામ કામકાજ સરળ રીતે થાય તે રીતે સહકાર સાથે સેવાભાવનાની સેવા આપવામાં આવશે.

આ પ્રસંગે પી.પી. સોજીત્રાનો જન્મદિવસ પણ હોય જેથી તેમનાં ગ્રાહકો ધ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આમ શહેરની સુવિધામાં વધારો થતાં ગામલોકોએ ઉત્સાહભેર આ બન્ને આગેવાનો પી.પી. સોજીત્રા તથા કૌશિકભાઈ વેકરિયાને અભિનંદન આપ્યા હતા. બેન્કના



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ



ઉદઘાટનામાં શહેર તેમજ આસપાસનાં ગામડાનાં આગેવાનો તેમજ સામાજિક કાર્યકરો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આમ નાનો પણ સુંદર કાર્યક્રમ આયોજકો ધ્વારા ગોઠવવામાં આવ્યો હતો.

### સહકારી સંઘનાં મનિષ સંઘાણીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે એ.ડી.સી.યુ. હાટ પ્રદર્શનની અને વેચાણ મેળાનું આયોજન

**રાજયમાં સૌપ્રથમ વખત આયોજન**

અમરેલી, તા. ૩૦

દેશનાં યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલ સૂત્ર સહકારથી સમૃદ્ધિને સાર્થક કરતા અને દેશનાં સહકાર મંત્રી અમીતભાઈ શાહ જે સહકારી મંડળીને આગળ વધારવા સતત જહેમત ઉઠાવી રહ્યાં છે. ત્યારે ગુજરાતમાં પ્રથમ વખત અમરેલી જીલ્લા સહકાર સંઘનાં અધ્યક્ષ મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘનાં સહયોગજી અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી મંડળીઓ અને સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્તુઓને વેપાર માટે એક પ્લેટ ફોર્મ ઉભુ થાય એવા ઉમદા હેતુ માટે એ.ડી.સી.યુ. હાટ પદાર્થની અને વ વેંચાણ મેળનું આયોજન કરવા જઈ રહ્યું છે ત્યારે આ મેળામાં ભાગ લેવા માટે નિયત નમૂનાનું ફોર્મ તારીખ



૧૦/૧૦/૨૦૨૩ સુધીમાં ભરી અમરેલી જિલ્લા સહકારી સંઘની ઓફિસ ખાતે જમા કરાવવાનું રહેશે ત્યારે આ એ.ડી.સી.યું. હાટ પદાર્થની અને વેંચાણ મેળામાં અમરેલી જીલ્લાની સહકારી મંડળીઓ અને સખી મંડળો બહોળી સંખ્યામાં ભાગ લે અને પોતાનાં અને પોતાનાં મંડળ/મંડળીને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવે તેવી અપીલ અમરેલી જીલ્લા સહકારી સંઘનાં અધ્ય અને યુવાનેતા મનીષ સંઘાણી દ્વારા કરવામાં આવી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ગણેશ વિસર્જન અને ઈદનાં તહેવારમાં

# સાવરકુંડલા ખાતે પોલીસ વિભાગની ઉમદા કામગીરી

**નાયબ પોલીસ અધિકારી હરેશ વોરાનું માર્ગદર્શન**

સાવરકુંડલા, તા. ૩૦

તારીખ ૨૮/૯ને ગુરૂવારના રોજ એકી સાથે બે તહેવારો ગણેશ વિસર્જન અને ઈદે મિલાદ ભેગા થઈ જતા પોલીસ ખાતા માટે બંદોબસ્ત જાળ વવો મુશ્કેલી ભર્યો હતો. મોટાં શહેરોમાં તો ગણેશ વિસર્જન શોભાયાત્રા ગુરૂવારે અને ઈદનું જુલુસ બીજા દિવસે શુક્રવારે ફેરવવામાં આવ્યું હતું. જયારે સાવરકુંડલામાં એક જ દિવસે ગણેશ વિસર્જન શોભાયાત્રા અને ઈદનું જુલુસ ફરવાનું હોય પોલીસ બંદોબસ્ત જાળ વવામાં લોઢાના ચણા ચાવવા જેવા સંજોગો જણાઈ રહ્યા હતા. ત્યારે બન્ને બંદોબસ્તની જવાબદારી અનુભવી અને બાહોશ ડી.વાય. એસ.પી. હરેશ વોરાએ સંભાળી લીધી હતી અને એસ.પી. હિમકસિંહના માર્ગદર્શન તેમજ પોતાની આગવી સુઝબુઝ અને બહોળા અનૂભવનાં આધારે ટાઉન પી. આઈ. એસ.એમ. સોની અને સ્ટાફ સાથે બપોરનાં સમયે ઈદે મિલાદનાં જુલૂસમાં સુપર્બ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જયારે જૂલુસ પૂરૂં થયું કે તુરંત જ ગણેશ વિસર્જન શોભાયાત્રા પ્રસ્થાન થતાં તેમાં પણ ખુબજ સરસ રીતે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ઈદનું જુલુસ અને ગણેશ વિસર્જન શોભાયાત્રા દરમિયાન વરસતા વરસાદમાં ડી.વાય.એસ.પી. હરેશ વોરા સતત સાથે રહીને પોલીસ સ્ટાફને માર્ગદર્શન આપી રહ્યા હતા. હિન્દુ અને મુસ્લિમ બન્ને સમાજના લોકો પોતાના તહેવાર નિશ્ચિત થઈ ઉજવી શકે તે માટે પોલીસ તંત્રએ સતત બાર કલાક સુધી ફિલ્ડમાં રહી કાબિલેદાદ બંદોબસ્ત જાળવ્યો હતો જેને લઈને હિન્દુ અને મુસ્લિમ બન્ને સમાજનાં આગેવાનોએ પોલીસ તંત્રની સરાહનીય કામગીરીની નોધ લઈ ડી.વાય.એસ.પી. વોરાને અભિનંદન પાઠવ્યા હતા.

## અણઘડ વહીવટથી એક ભેંસ, ૩ સર્પ, એક કાચબાનું થયું મોત

# વડિયાનાં ખડખડ ગામે પીજીવીસીએલની બેદરકારી સામે રોષ

રાત્રિનાં સમયે વીજ ફોલ્ટ થતાં વીજ પુરવઠો બંધ કરાયો અને સવારે રિપેરીંગ વગર વીજ પુરવઠો શરૂ કરી દેવાયો

બનાવની જાણ થતાં ભાજપનાં આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા અને વીજકર્મીનો ઉધડો લીધો

અવાર-નવાર રજૂઆત છતાં પણ જર્જરિત વીજ વાયર બદલાવાતા ન હોવાથી અકસ્માતની ઘટના બની રહી છે

ફરજમાં બેદરકારી દાખવનાર સામે કડક કાર્યવાહી કરીને બીજી વખત આવું ન થાય તે જોવું પડશે



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૩૦

વડિયા તાલુકાના ખડખડ ગામે ખેતીવાડીનો ચાલું વીજ વાયર તુટી જતાં પાણીનાં હોકળામા પડયો. એક ભેંસ, ત્રણ મોટા સાપ, એક કાચબો અને અનેક માછલીના મોત નિપજયાં હતાં. જો કે કોઈપણ ખેડૂતો પોતાની વાડીએ ઝટકા શોક મુકે અને કોઈપણ પ્રાણીનું મોત નિપજે તો તાત્કાલિક ફોરેસ્ટ વિભાગ દ્વારા વાડી માલિક ઉપર ફરીયાદ નોંધાવતા જોવા મળે છે. ત્યારે શું આટલા બધા અબોલ પ્રાણીઓના મોત નિપજયાં છે ત્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા પીજીવીસીએલ કચેરી ઉપર કોઈ કાર્યવાહી કરાશે કે નહીં એ પણ પ્રશ્ન લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. કોઈ રાત્રે સાત વાગ્યે ચાલું વીજ વાયર તુટી જતાં ખડખડ ગામના જગદીશભાઈ મુળજીભાઈ પાઘડાળે વડિયા પીજીવીસીએલ કચેરી ખાતે ૨૦ વખત રીંગ કરી હતી ત્યારે ફોન રીસીવ થયો અને ફોલ્ટ લખાવ્યો હતો. છતાં પીજીવીસીએલ કચેરીએ આ લાઈન ફરી વહેલી સવારે કોઈપણ પ્રકારની જાણ કે રીપેરીંગ કર્યા વગર જ લાઈન શરૂ કરી દીધી હતી.

ત્યારે પાણીમાં પડેલ વીજ વાયર ફરી શરૂ થતાં એક ભેંસ પાણી પીવા જતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું જયારે પાણીમાં જ વસવાટ કરતા સાપ, કાચબો અને માછલીના પણ મોત નિપજયા હતા.

દુર્ઘટના સર્જાતા વડિયા ભાજપના આગેવાનો પણ દોડી ગયા હતા અને સ્થળ પર જ વીજ કર્મચારીઓને ઉધડો લીધો હતો. અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, ખડખડ ગામના સરપંચ મુકેશભાઈ ભેંસાણીયા સહિતનાએ ડેપ્યુટી ઈજનેર પટેલને રીતસરનો ઉધડો લીધો હતો.

રાત્રે લાઈન બંધ કરી વહેલી સવારે ફરી શરૂ કરતાં જ બનાવ બન્યો. એવું પણ જાણવા મળ્યું હતું કે વડિયા પીજીવીસીએલના કર્મચારીઓએ ફોલ્ટ જ લખ્યો ન હતો. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે અવાર નવાર આ નબળા પડી ગયેલ તાર બદલવા રજુઆત કરવામાં આવી છતાં પણ વીજ વાયરો બદલતા નથી.

### ગાયત્રી મંદિર પાછળની ઘટના

## અમરેલીનાં યુવકે બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### છેલ્લા એકાદ વર્ષથી બીમારીનો ભોગ બન્યા

અમરેલી, તા. ૩૦

અમરેલીમાં ગાયત્રી મંદિર પાછળ પાપડવાળી શેરીમાં રહેતા હરેશભાઈ કેશુભાઈ ચૌહાણ નામનાં ૪૦ વર્ષિય યુવક છેલ્લા ૧ વર્ષથી માનસિક બીમાર હોય અને તેની દવા પણ શરૂ હોય. પરંતુ તેઓ બીમારીથી કંટાળી જઈ ગત તા. ૨૯નાં રોજ પોતાના ઘરે પંખા સાથે સાડીનો છેડો બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ધારીનાં બોરડી ગામની ઘટના

## પ્રસૂતાને પ્રસૂતિ દરમિયાન રક્ત વહી જતાં મોતને ભેટી

અમરેલી, તા. ૩૦

ધારી તાલુકાનાં બોરડી ગામે રહેતા નજમાબેન અફજલભાઈ બ્લોચ નામનાં ૨૯ વર્ષિય મહિલાને ગત તા. ૨૮નાં રોજ ડીલીવરીનો દુઃખાવો શરૂ થતાં તેણીને ફોર વ્હીલમાં ધારી સરકારી દવાખાને સારવાર માટે લાવતા હતા ત્યારે ફોર વ્હીલમાં જ ડીલીવરી થઈ જતાં અને ગર્ભની કોથળી બહાર આવી જવાના કારણે લોહી વધુ વહી જવાનાં કારણે તેણીનું સારવાર દરમિયાન જ મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પ્રજાપતિ સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

## અમરેલી : ભકત ગોરા કુંભાર અને તેમના ધર્મપત્નીનું અપમાન કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

### સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં રોષ ઉભો થયો



અમરેલી, તા. ૩૦

અમરેલી ખાતે પ્રજાપતિ સમાજ ધ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવીને સ્વામીનારાયણ સંપ્રદાયનાં સંત બ્રહ્મ સ્વરૂપ સ્વામી વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, હાલનાં સમયમાં સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયેલ છે. જે વિડીયો કલીપમાં જોવામાં આવે તો પ્રજાપતિ સમાજનાં સંત અને ભકતશ્રી ગોરા કુંભાર વિશે અભદ્ર ભાષામાં બફાટ કરવામાં આવેલ છે. આ બફાટ કરતા સ્વામીનારાયણ સંપ્રદાયનાં કહેવાતા બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સ્વામીને હવેથી કોઈપણ સંપ્રદાય કે ભગવાન કે માતાજી કે ભકતો વિરૂધ્ધ ખોટી રીતે વાણી વિલાસ ના કરે એ માટે કાયદામાં રહેલી જોગવાઈ મુજબ આ સ્વામીને અટકાવવામાં આવે એવી અમારી લાગણી અને માંગણી છે. અને આ સ્વામીએ જાહેરમાં આવીને અથવા સોશ્યલ મીડિયા સમક્ષ આવીને પોતાએ કરેલી ભુલની માફી માંગવી જોઈએ એવી પણ અમારી માંગ છે. અમારી રજૂઆત જે તે કન્સલ્ટ ઓથોરીટી સમક્ષ રજુ રાખી અમારી વાતને પરિણામ સ્વરૂપમાં પહોંચાડો તેમ અંતમાં જણાવેલ છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂ. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલિકા નીચે ફોન :૨૨૦૦૦૬

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

















# સન્ડે સ્વીટ્સ


અમરેલી એક્સપ્રેસ
તા. ૦૧-૧૦-૨૦૨૩

### પ્રકરણ-૧૫૪

**'દુનિયા વાલો સે દૂર.. જલને વાલો સે દૂર .... આજા આજા ચલે કહી દૂર....**
**ઝૂમતા મેસમ, મસ્ત મહિના.. ચાંદ સી ગોરી એક હસીના. આંખ મે કાજલ. મુહ મે પસીના.. યા અલ્લાહ યા અલ્લાહ દિલ લે ગઈ'**

**પ્રિય વાચક મિત્રો,**

ઈદે મિલાદની શુભ કામનાઓ સાથે, ૧૯૫૯ના વર્ષમાં શમ્મી કપૂરની ફિલ્મોની વાત કરી રહ્યા છીએ.. શમ્મી કપૂર તેમની આગવી સ્ટાઈલથી પ્રચલિત થયા હતા, તેમની નાચવા ની શૈલી, તથા, તેમના ચેહરા પર થી વાળની ઝૂલફો ઉડાવવાની તેમની અનોખી અદા, તે સમય ખાસ કરી ને ૧૯૫૯ થી ૧૯૬૮ સુધીના સમય ગાળામાં લોકપ્રિય થઈ હતી, શમ્મીની ફિલ્મો મોટા ભાગે એક પ્રણય કથાના રૂપે આવતી હતી, તો સસ્પેન્સ અને થ્રીલર ફિલ્મો પણ સુપર હિટ થઈ હતી, તેમના અભિનયમાં પૃથ્વી રાજ કપૂર અને ભાઈ રાજ કપૂરની ઝલક જોવા મળતી હતી, સાથે તેમનો એક અલ્લડ યુવાનને લગતો અભિનય , જે યુવાન તેને ગમતી યુવતીની છેડ છાડ કરે છે, પણ અંતે તેનું દિલ જીતવામાં સફળ થાય છે, અને એક હૃદય પૂર્વકનો પ્રેમ જાગૃત થાય છે, તેવી કહાની સાથેની ફિલ્મો, અને સાથે રફી સાહેબના સ્વરના ગીતોએ લોકપ્રિયતાની હદ વટાવી દીધી હતી, શમ્મીએ તેમનાથી એક વર્ષ મોટા ગીતા બાલી સાથે




૧૯૫૫ માં લગ્ન કરી લીધા હતા, અને કપૂર પરિવારની પરંપરા મુજબ ગીતા બાલી ત્યારબાદ ફિલ્મોમાંથી નિવૃતિ લીધી હતી, તેમને બે પત્ની હતી, ગીતા બાલીનું ૧૯૬૫ માં નિધન થયા બાદ, તેમણે નીલા દેવી સાથે ૧૯૬૯માં લગ્ન કર્યા હતા, શમ્મી પરણિત હતા, છતા, તેમના લગ્ન થયા બાદ તેઓ હિન્દી સિનેમા માં સફળ થયા હતા, અને તમે માનશો કે, ગીતા બાલીના નિધન બાદ શમ્મીનો ફિલ્મી હીરો તારીખેનો સિતારો પણ અસ્ત તરફ થઈ ગયો હતો, અને ૭૦ના દસકમાં તેમણે ચરિત્ર ભૂમિકાઓ સ્વીકારી લીધી હતી, તે પાછળ તેમનું વધતું જતું વજન પણ કારણ ભૂત હતું, આમ જોઈએ તો ગીતા બાલીએ શમ્મી માટે ભાગ્ય શાલી સાબિત થયા હતા.

જો કે તેમના લગ્ન બાબત કપૂર પરિવારમાં પ્રથમ વિરોધ થયો હતો, પણ શમ્મીની ફિલ્મોના હીરોની જેમ શમ્મીએ તેની નિઝી ઝીંદગીમાં પણ પ્રેમનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. તેઓ પરણિત હોવા છતા, તે સમયની યુવતીઓ માં તેઓ લોકપ્રિય રહ્યા હતા.

તેમની બે સફળ ફિલ્મોની વાત કરીશું.

ઉજાલા --- ઉજાલા ફિલ્મમાં શમ્મી સાથે રાજ કુમાર જોવા મળ્યા હતા, રાજ હિન્દી સિનેમામાં ધીમી ગતિએ પ્રગતિ કરી રહ્યા હતા, રાજકુમાર એટલે એવું વ્યક્તિત્વ કે હિન્દી સિનેમામાં તેમને નજદીકથી ઓળખાતું હોય, અને તેમને સમજી શકયું હોય તેવા જૂજ દોસ્તો ધરાવતા કલાકાર. રાજકુમાર વિષે અગણિત કહાણીઓ પ્રચલિત છે,

જેની વાત આગળ કરતાં રહેશું, પણ રાજકુમાર જેને હિન્દી સિનેમામાં મોટા ભાગના દર્સકો જે અંદાઝથી ઓળખે છે, અથવા તે અંદાઝમાં જ તેમને રૂપેરી પરદે જોવા માંગે છે, તે અંદાઝની પ્રથમ ફિલ્મ એટલે 'ઉજાલા' અહી રાજકુમાર એક ખલનાયકના પાત્રમાં જોવા મળે છે, પણ તેમના કદાવર અવાઝથી બોલતા સંવાદ 'રામુ .. અને હોઠ પર ધીમે ધીમે જબૂકતી બીડી, બિન્દાસ્ત અભિનયની શરૂઆત એટલે ઉજાલાનો કાલું. પણ તેમ છતાં રાજકુમાર તેમના આ પાત્રથી

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

ખુશ ના હતા, કારણ કે તેઓને આ ફિલ્મમાં ખલનાયકનું પાત્ર મળ્યું હતું, અને નાયક શમ્મી તેની આગવી અદા, નાચ અને અભિનયથી થોડા આગળ નીકળી ગયા હતા, તે સમયે ફિલ્મો માં ગીત નું મહત્વ હતું, ફિલ્મમાં રાજ પર એક પણ ગીત ફિલ્મવાયું ના હતું, તેવી સ્કીપ્ટ હતી, પણ રાજકુમાર તેનાથી નારાઝ થયા, અને એક ગીત શમ્મી અને રાજ પર ફિલ્મવાયું, 'યારો સુરત હમારી પે ના જાઓ, 'જે રફી સાહેબ અને મુકેશજીના સ્વરમાં હતું.

રાજકુમારનો અજીબ અંદાઝ દર્શકોને પસંદ પડયો હતો, ફિલ્મ સફળ રહી હતી, જેનું નિર્દેશન, નરેશ સાયગલ, અને નિર્માણ એફ સી મેહરાનું હતું, કમર જલાલા બાદીની સ્કીન પ્લે, નરેશ સાયગલની કહાની, મનોહર સિંગના સંવાદ, શિવમ મલયાની સિનેમા ઓટો ગ્રાફી, અને પ્રાણ મેહરાનું એડિટિંગ, શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીના ગીતો અને શંકર જયકિશનનું યાદગાર સંગીત, સાથે રફી સાહેબ, મન્નાડે, મુકેશ, લતાજી,ના સ્વર અને શમ્મી કપૂર, રાજકુમાર, માલા સિંહા, કુમકુમ, ધુમાલ, રમેશ સિંહા, શિવરાજ અને લીલા ચિટનીસથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. જેના ગીતો આજે પણ લોકપ્રિય ગીતોની શ્રેણીમાં આવે છે.

ઉજાલા ફિલ્મએ સત્ય, વિાસ પર આધારિત કહાની છે, કોઈપણ માનવી બુરાઈના રસ્તે ચાલવા માંગતો હોતો નથી, પણ કયારેક સંજોગો તે માટે તેને મજબૂર કરતાં હોય છે, પણ બુરાઈના રસ્તે ચાલ્યા બાદ ફરી સત્ય તરફ જવું ઘણું કઠિન હોય છે, કોઈ પણ વ્યક્તિની એક છાપ એવી હોય કે તે દુરાચારી છે, અસત્યના રાહે ચાલે છે, તો તેનો કોઈ વિશ્વાસ કરતું નથી, જો તે સત્યની રાહે ચાલે તો પણ લોકો તેના પર શંકા કરે છે, શમ્મી એક ખુબજ ગરીબ પરિવારનો મોટો પુત્ર છે, નાના ભાઈ બહેનોની જવાબદારી છે, બે ટાઈમ ભોજન પણ બરાબર મળ તું નથી, પણ તે મજૂરી કરી સત્યની રાહે એકદિવસ સોનાનો સુરજ ઊગશે તેમ માની ચાલી રહ્યો છે, રાજ કુમાર




એટલે કે કાલું એક ચોર અને ખિસ્સા કાતરૂ છે, તેની એક ગેંગ છે, તે શમ્મીને તેની ગેંગમાં આવી જવા કહે છે, પણ શમ્મી તેના રસ્તે ચાલવા માગતો નથી. એક દિવસ શમ્મીને તેની નાની બહેનના દવાખાનાના ખર્ચ માટે રૂપિયાની જરૂર પડે છે, તમામ જગ્યાએ નાકામ થતાં તે રાજ પાસે આવે છે, અને બુરાઈના રસ્તે ચાલી નીકળ છે. શમ્મીની પ્રેમિકા માલા તેને બુરાઈના રસ્તેના જવા વચન લઈ લે છે, તે માલાને સાચો પ્રેમ કરે છે, અને રાજને તેની ગેંગ છોડવાની વાત કરવા જાય છે, ત્યારે રાજ તેની જ ગેંગના એક વ્યક્તિની હત્યા કરે છે, અને તે વ્યક્તિને શમ્મી બોલાવી લાવ્યો છે, તેથી નાદાન શમ્મીને આ ખૂન માટે હવે પોલીસ તને દોષિત માનશે કહી ડરાવે છે,

શમ્મી નાસીપાસ થઈ જાય છે, પણ માલા અને તેનીમાં ના સહારે, એક સાધુના સંપર્કમાં આવી સત્યનો માર્ગ છોડતો નથી, તે સાધુ તેને એક સો રૂપિયા ખરીદી માટે આપે છે, ( એક સો રૂપિયાની કિમંત ત્યારે કેટલી હતી તેનો ખ્યાલ આવશે (બંધ થતો છગડિયો કા!સ) તે રાજ તેની પાસેથી છીનવી લે છે, પણ શમ્મી પોતાના જીવની પરવા કર્યા વિના તે રકમ રાજ પાસેથી પરત મેળવે છે, રાજને પોલીસ પકડી લે છે, અને સત્યની રાહ શમ્મી અને માલા નવું જીવન શરૂ કરે છે.

ફિલ્મના ગીતો ખુબજ લોકપ્રિય રહ્યા હતા, અને આજે પણ લોકપ્રિય છે, ઝૂમતા મેસમ મસ્ત મહિના .. મન્ના ડે અને લતાજીના સ્વરમાં, તેરા જલવા જિસને દેખા વો તેરા હો ગયા .... મે હો ગઈ કિસી કી કોઈ મેરા હો ગયા .. દુનિયા વાલો સે દૂર. જલ્ને વાલો સે દૂર ... અને અબ કહા જાયે હમ ... આ મોરા નાદાન બાલમા .... જેવા ગીતો લોકપ્રિય ગીતોની યાદીમાં આજેપણ છે, શમ્મીને અહી મન્નાડેનો અને મુકેશજીનો સ્વર આપવામાં આવ્યો છે, જેમાં મુકેશનો સ્વર તેને બંધ બેસતો લાગતો નથી, આગળના દિવસોમાં શમ્મી અને રફી સાહેબ હિન્દી ગીતોના પર્યાય થઈ જસે.

શમ્મી કપૂરની અદાકારી અને રફી સાહેબના હરફન મેલા સ્વર સાથે આ વર્ષ સુપર હિટ ફિલ્મ આવી જેની વાત હવે કરીશું. આ ફિલ્મમાં નવોદિત અભિનેત્રી આશા પારેખે હિન્દી સિનેમામાં અભિનેત્રીના કિરદારમાં પદાર્પણ કર્યુ. અને સાથ આ ફિલ્મના સગીતકાર એક મહિલા ઉષા ખન્નાની આ પ્રથમ ફિલ્મ રહી. આ પેહલા જધાન બાઈ અને સરસ્વતી દેવીએ હિન્દી સિનેમા માં સંગીતકાર રહી ચૂકયા છે,

ઉષાજી ત્રીજા મહિલા સંગીત કાર તરીખે આવ્યા અને સફળ રહ્યા, ઉષાજીના પિતા મનોહર ખન્ના એકગીતકાર હતા, તે જધાન બાઈ જે નરગિસના માતુશ્રી થાય તેમના સંપર્કમાં આવ્યા, અને ત્યારબાદ ઉષાજી શશધરના સંપર્કમાં આવ્યા, તેઓ માટે ઉષાજી પેહલા ગાયિકા અને સહાયક સંગીતકારનું કામ કર્યુ, અને ૧૯૫૯ માં શશધરની ફિલ્મ 'દિલ દે કે દેખો' થી તેઓ સ્વતંત્ર સંગીત કાર બન્યા, તેમની સાથે ગીતકાર સાવન કુમાર રહેતા, અને બંને લગ્ન ગ્રંથિ પણ જોડાઈ ગયા,

આગળ જતાં તેઓ અલગ થયા, પણ સંબંધો જીવંત રહ્યા હતા, ૧૯૫૯ થી તેઓ ૨૦૦૩ સુધી સંગીતકારરૂપે સક્રિય રહ્યા છે. તેમની પ્રથમ ફિલ્મના ગીતો સફળ રહ્યા હતા, એટલે કે ફિલ્મની સફળતા પાછળ તેમનો મહત્વ પૂર્ણ ભાગ રહ્યો હતો, આવી સંગીત મય કોમેડી રોમાંટિક ફિલ્મની વાત આગામી અંકમાં કરીશું.

**આભાર.**

# પેઢાના રોગ વિશે થોડું જાણો

પેરિઓડોન્ટાઈટિસ જેને પાયરોરિયા પણ કહેવાયછે તે એક રોગનાં સમૂહને વર્ણવવા માટે વપરાતો શબ્દછે જેમાં પેઢાં અને દાંતને ટેકો આપતી અન્ય રચનાઓનો સમાવેશ થાય છે. પેરિઓડોન્ટાઈટિસ ડેન્ટલપ્લેક (Dental Plaque)માં જોવા મળતા બેકટેરિયાને કારણે થાય છે અને ઘણીવાર પેઢાના ઈમ્ફલામેશન – જિન્જીવાઈટીસ કે જેમાં પેઢામાં સોજો, બળતરા કે લોહી આવવું – તરીકે શરૂ થાય છે.

બેક્ટેરિયલ ચેપને દૂર કરવાના પ્રયાસમાં, તમારું શરીર એવા પદાર્થો ઉત્પન્ન કરે છે જે જડબામાં દાંતને પકડી રાખે છે, જેમાં પેરિઓડોન્ટલ લિગામેન્ટ અને અંતર્ગત હાડકાનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા ચાલુ રહેવાથી દાંત ઢીલા પડી જાય છે. દાંત અને પેઢાં વચ્ચે જગ્યા થઈ જાય છે, જેનાથી વધુ બેકટેરિયા એકઠા થાય છે. જો સારવાર ન કરવામાં આવે તો, પેરિઓડોન્ટાઈટિસ દાંત ગુમાવવા પણ પડે છે. પેરિઓડોન્ટાઈટિસ સામાન્ય રીતે પ્રમાણમાં પીડા રહિત હોય છે. નોંધપાત્રપીડાની શરૂઆત વધુ પ્રમાણમાં રસી થવાથી થઈ શકે છે. પુખ્તવયના લોકોમાં પેરિઓડોન્ટાઈટિસ થવાની શકયતા વધુ હોય છે. જે લોકો ધૂમ્રપાન કરે છે તેમને પેરિઓડોન્ટાઈટિસ થવાની શકયતા ધૂમ્રપાન ન કરનારાઓ કરતાં ચારથી સાત ગણી વધારે હોય છે. ધૂમ્રપાન બેકટેરિયા સામે શરીરના સંરક્ષણને નબળી બનાવી શકે છે.


**પાયોરિયાના લક્ષણો**

– દાંતસાફકરતીવખતે પેઢામાંથીલોહીનીકળવું,ક્યારેકસ્વયંભૂ
– પેઢા લાલરહેવા કેસોજોઆવવો
– પેઢાનીચા ઉતરી જવા
– દાંતહલવા કે દાંત વચ્ચે જગ્યા થવી
– ાસની દુર્ગંધ
– દાંત અને પેઢા વચ્ચે પરૂ
– મોઢામાં ખરાબ સ્વાદ આવવો

જોકે,ઘણા લોકો આ લક્ષણોથી અજાણ હોય છે અથવા તેઓ માનતા નથી કે તે ગંભીર સમસ્યાના ચિહ્નો છે. પેરિયડાન્ટાઈટિસમાં ઉપર સૂચિ બદ્ધ છે તે બધા જ હોય એ જરૂરી નથી. મોટા ભાગે એકથી બે લક્ષણો જ જોવા મળે છે.

**નિદાન**

૧. તમારા પેઢા અને દાંત પર વિશેષ ધ્યાન આપીને તમારા મોંની તપાસ કરવી જરૂરી છે.
૨. દાંતની માટે પરીક્ષણ કરવું.
૩. દાંત કેટલાં પ્રમાણમાં હલે છે એ ચેક કરવું.
૪. દાંતનાં એકસ-રે




ડો. તુષારભાઈ નીતિનભાઈ બોરાણીયા
ઓમ ડેન્ટલ કિલનિક
સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
ફોનઃ ૦૨૨૭૯૨૨૩૦૩૦૦, મો.૭૦૧૬૮૩૭૧૩૭



જન્જીવાઈટીસની જેમ, પિરિઓડોન્ટાઈટિસ સંપૂર્ણપણે સરખું થઈ શકતું નથી પરંતુ આગળ વધતું અટકાવી શકાય છે. અને દુખાવો કે રસી થતું અમૂક હદ સુધી બંધ કરી શકાય છે. **પ્રાથમિક સારવાર :**

રોજિંદા બ્રશિંગ અને ફલોસિંગ (સવારે અને રાત્રે) યોગ્ય બ્રશિંગ ટેકનિક સાથે અને દાંતનાં કિલનિકમાં દાંતની સફાઈમાટે નિયમિત મુલાકાતો પિરિઓ ડોન્ટાઈટિસને રોકવામાં મદદ કરી શકે છે. જો તમે ધૂમ્રપાન કરો છો, તો તે છોડવાથી તમારૂ જોખમ નોંધપાત્ર રીતે ઘટશે.

**સારવાર**

તમારી પિરિઓડોન્ટિટિસ કેટલી ગંભીર છે તેના પર સારવાર આધાર રાખે છે. દંત ચિકિત્સકો રોગને હળવા, મધ્યમ અથવા ગંભીર તરીકે વર્ગીકૃત કરે છે. શરૂઆતનાં સ્ટેજનાં પિરિઓડોન્ટાઈટિસની સારવાર સામાન્ય રીતે સ્કેલિંગ (દાંતની વ્યવસ્થિત સફાઈ અને રૂટપ્લાનિંગ નામની સારવાર) દ્વારા કરવામાં આવે છે. સ્કેલિંગ એ દાંત પરની છારી કે ક્ષારને દૂર કરે છે જે તમારા દાંતના પર અને પેઢાથી સહેજ નીચે એકઠા થયા છે. **રૂટપ્લાનિંગના બે હેતુઓ છે :**

૧) તમારા દાંતના મૂળમાંથી પ્લેક અથવા કેલ્ક્યુલસને દૂર કરવા અને
૨) દાંતનામૂળની સપાટીને ચોખ્ખી કરવા માટે, જેથી બેક્ટેરિયા ત્યાં જમા ન થઈ શકે.

મધ્યમ પિરિઓ ડોન્ટાઈટિસને સ્કેલિંગ અને રૂટપ્લાનિંગ કરતાં વધુ સારવારની જરૂર પડી શકે છે. સામાન્ય રીતે, અમે તમારા દાંતનું સ્કેલિંગ અને રૂટ-પ્લાનિંગ કરીશું.

જો આ પ્રક્રિયાથી સરખું ના થાય તો સર્જિકલ સારવારની જરૂર છે. શસ્ત્રક્રિયામાં દાંતને ફિટ કરવા માટે પેઢાને ફરીથી આકાર આપવાનો સમાવેશ થઈ શકે છે (રેસેક્ટિવ સર્જરીઓ) અથવા ખવાયેલા હાડકાને ફરીથી વૃદ્ધિ માટે પ્રોત્સાહિતકરવા (પુનઃજનન સર્જરી) કરવી પડે છે.

ગંભીર પેરિઓ ડોન્ટાઈટિસમાં સર્જરી અને કેટલાક કિસ્સાઓમાં એન્ટિબાયોટિક્સની જરૂર પડે છે. રોગના આ તબક્કે, દાંત પડાવવા પણ પડે છે.

**દંત ચિકિત્સકની મુલાકાત કયારે લેવી**

નિયમિત ડેન્ટલ ચેકઅપ કરાવવું એ શ્રેષ્ઠ ઉપાય છે. જો તમને સતત રક્સ્રાવ થતો હોય અથવા તમારા પેઢાંમાંથી સોજો આવતો હોય અથવા દાંત છૂટા પડયા હોય, તો તમારા ડેન્ટિસ્ટને મળો.

**પેરિઓડોન્ટાઈટિસનુંપૂર્વસૂચન**

જો રોગને વહેલા ઓળખવામાં આવે અને સચોટ સારવાર કરવામાં આવે તો દાંત અને પેઢા બચાવી શકાય છે. પેઢાની સારવાર સફળ થવા માટે ધૂમ્રપાન છોડવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. એકવાર રોગ કાબૂમાં આવી જાય પછી આજીવન કાળજી લેવી પડે છે.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**મૃત્યું મિમાંસા**

મૃત્યુ સમયે શું થાય છે. અને પછી આત્માની કેવી ગતિ થાય છે. તે આપણા શાસ્ત્રોમાં સવિસ્તર વર્ણન છે. મૃત્યુ પછી ગરૂડ પુરાણ વાંચવાનો ઘણી જગ્યાએ રિવાજ છે. આપણે ત્યાં આ માટે ઘણી શ્રધ્ધા માન્યતાઓ પ્રવેર્ત છે. અત્રે ઘણું ટુંકમાં વિધ્વાન અને સંત – મહાત્માઓ શું કહે છે તે પણ જોઈશું.

પુજય મોટા ૯/૭/૧૮૯૮-૧૯૭૬) કેટલાક લખાણો પ્રવચનો મૃત્યું વિશે છે."મૃત્યુ સમયે અને મૃત્યું પછી જીવાત્માની સ્થિતિ' આ નાનકડાં પુસ્તકમાં પુ. મોટાનાં પ્રવચનોનાં સાર આપ્યો છે. તેમાંથી તેમનાં વિચારો જાણીએ (૧) 'મૃત્યુ પછી જીવાત્માની સ્થિતિ : માણસ શરીર છોડે છે. ત્યારે શરીરની આગળ પાછળ એનો જીવ રહાય કરતો હોય છે. તેર દિવસ સુધી તે જીવ જેની જેની સાથે એને કામ છે, લોભ, મોહ છે આ બધુ જેની સાથે જે જે લોકોની સાથે જીવદશાથી એના ઉત્કરાયણાથી વળગેલા છે.

આ વાતાવરણમાં એ તેર દિવસ જીવ ત્યાં રહેતો હોય છે. તે બોલી, ચાલી શકતો નથી પણ એ સાંભળે છે, જુએ છે. આપણે આ દિવસો માં તેમનાં ઉતમ કાર્યને વિચારીને પ્રભુ ભજન કરવું જોઈએ શોક તો બિલકુલનાં કરવો જોઈએ.

પ્રાર્થના – શાંતિ માટે ઉતમ રીતે કરીએ તો એને વધારે



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

શાંતિ લાગે છે. આપણે રડીએ છીએ. શોક કરીએ છીએ આપણને એના માટે મમત્વ છે. તેથી પ્રત્યેક જીવ જયારે શરીર છોડી દે છે. તરત તેમનો જન્મ થતો નથી. એને તો ઘણીવાર લાગે છે.પ્રશ્ન : (પૂ.મોરાને ) મરણ વખતે ભગવાનનું નામ સ્મરણ થાય તો તેથી મોક્ષ મળે એ હકીકત સાચી છે ? જવાબ : મરણ વખતે ભગવાનનું નામ સ્મરણ ટકી રહે કે યાદ આવે તો તેથી કંઈ મોક્ષ ન મળે.

મોક્ષ કંઈ એટલો બધો રેઢો પડયો નથી. પરંતુ મરણ વખતે શરીર છુટતી વખતે શરીરમાં ચેતન નીકળી જાય, જીવ નીકળી જાય ત્યારે જો ભગવાનનું નામ લેવાય તો ઉતમ છે. ઉતમ પ્રકારની ગતિ થાય છે. સદભાવવાળી સ્થિતિમાં એનામાં કાંઈક સામાન્ય જીવન કરતા ઉચી ગતિવાળી સ્થિતિ થાય છે. એ હકીકત માનવા જેવી છે.હું તમને બુદ્ધિ સ્વીકારી શકે એવી રીતે ભગવાનની કૃપાથી કહી શકું ખરો .... મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કંઈ ભગવાનનું નામ લેવાતું નથી. કાં તો દીર્ઘકાળ નો અભ્યાસ હોય એવા જીવોથી પણ તે વખતે ભગવાનનું નામ એને યાદ જ રહે તેવો કશો નિયમ નથી. ઉત્કટ રીતે એના માટેનો ભાવ હોય. ઘણું કામ કર્યુ હોય એના દિલમાં એવા જીવને મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે.

આ એક બહુ મોટી પ્રક્રીયા છે. એમાં એવા જીવની કોઈ સારી ભાવનાવાળી ગતિની અંદર જન્મ થાય છે. "(પૃ.૭)

ભાગવતમાં એક અંતકાળે પડેલો માણસ પોતાનાં પુત્રને 'નારાયણ'ને બોલાવે છે. ને તેની સદગતિ થાય છે. તેમાં ભગવાનનાં નામ સ્મરણમાં કેટલી તાકાત છે. તે દર્શાવ્યું છે. મૃતામાં મૃગત્માનાન કલ્યાણ માટેની પ્રાર્થના શ્રી મોટીએ લખેલી ( શિખરિણી– મંદાક્રાંતા)

'ગયેલા આત્માને, મન હૃદયથી, આપજે શાંતિ પુરી બધી રીતે એનું પ્રભુ કરવજે, સર્વ કલ્યાણ, શ્રીજી બધાં જીવો સાથે, ગત જીવનમાં, જે થયેલો સંબંધ, કરાવી દ્યો એને, સહુ તરફથી, સાવ નિશ્વિત મુકત"

એક અનોખા સંત પુજય મોટીનાં મૃત્યું અંગેનાં વિચારો ઉપરોકત પ્રમાણે સંક્ષેપમાં છે. તા. ૨૩/૭/૧૯૭૬નાં રોજ માત્ર છ વ્યકિતની હાજરીનાં ફાજલપુર ફાર્મમાં ઈચ્છામૃત્યુને વર્યા. સંસારીનામ, ચુનીલાલ આશારામ ભગત. કાલોલ કાંતીભાઈ નવાડીયા સાંયાદિત મુકિતકાના આધારે પૂ.મૃત્યુ સમયે –મૃત્યુ પછી જીવાત્માની સ્થિતિ કુલ –૨૨ આવૃતી અઢીલાખ પ્રત છપાઈ છે. ઉપરોકત વિચારો પૂ.મોટાનાં છે. વાંચકોને વિવિધ લેખકો, સંતોનાં વિચારો જાણવા મળે તે માટે અત્રે લખ્યું છે.વિષય ઘણો અધરો છે. વાંચતા કંટાળા આવે તો તેને માટે એક સુંદર સુનાષિત છે, શનૈ : પન્થાઃ સને કન્યાઃ શતૈ : પર્વત મસ્તકે । શનૈર્વિદ્યા શનૈર્વિતું પંચૈતાનિ શનૈ : શનૈ : ॥

અર્થ : ધીમે ધીમે રસ્તો કાપવો ધીમે ધીમે ગોદડી સીવવી (ધીમો ધીમે વૈરાગ્ય લાવવો) પર્વતનાં શિખર પર ધીમે ધીમે ચડવું, વિદ્યા ધીમે ધીમે મેળવવી. ાવિત (ધન) પણ ધીમે ધીમે મેળવવું આ પાંચ બાબતોમાં ધીરજ રાખવી. શ્રી હરિભાઈ કોઠારીએ આ શ્લોકનું વિવરણ ઘણા દ્રષ્ટાંતો આપી કર્યુ છે. 'કઠોપનિષદ'નો માર્મિક વાર્તા કરીને મૃત્યુ વિશે – સાર્થક જિંદગી વિશે લખવાની ઈચ્છા છે. વાંચકો આ લખાણ ચોકકસ વાંચે કારણ કે આ એક એવું લખાણ છે. જે તમારૂં જીવન બદલી શકે છે. તમારા વિચારો બદલી શકે છે. કશુંક વાંરચાનો લાભ તુર્તજ લઈ જીવનને સુંદર રંગોથી રંગી શકો છો " નાર્ય આત્માં બલણીનેન લભ્યો'હ મુડકોયદેશ ૩/૨/૪) નબળો માણસ આત્માને પામી શકે નહિ. બળની જરૂર છે. આ લખાણો મારા વાંચકોને જીવન જીવવાનું બળ આપશે તેની ખાત્રી છે. **(અપૂર્ણ )**

# મારા અંદરની કલાનાં જીવને મરવા દીધો નથી

## ખેડૂત કહાની



**ભારતીબેન ઠક્કર**
**મતિરાળા**

હું ધોરણ ચારમાં અભ્યાસ કરતી તે વખતે સ્કુલમાં નાટક સ્પર્ધા યોજાઈ તેમાં મેં મારો રોલ બખૂબી નિભાવ્યો જેને લઈ મને 'કપ' મેળ્યો હું ખુશ થઈ પણ પરિવારમાં ખુશી જોવા ન મળી કારણ કે પરિવાર કલાથી વિરૂધ્ધ હતા.

આ શબ્દો છે. ગુજરાતી ફિલ્મ નાં જાણીતા અભિનેત્રી ભારતીબેન શાંતિલાલ ઠકકર (ઉ.વ.૬૯) તેઓ ફુલછાબ સાથે વાત કરતાં કહે છે. કે મારા પરિવારમાં કળા પ્રત્યે રૂચિ ન હતી. પણ મારો માયલો સતત અભિનયમાં પરોવાય રહેતો અન્ય બાબતોમાં વધુ રસ પડતો નહીં ત્રણ ગેજયુએશન પુર્ણ કરી ૧૯૭૫ માં શિક્ષિકા તરીકે નોકરી શરૂ કરી બાદમાં વર્ષ–૨૦૧૮ માં નિવૃત થઈ મારી બોલવાની સ્ટાઈલ શૈલેન્યુ ઠાકોર (બરોડા)ને ગમી તેણે મને ગુજરાતી ફિલ્મ ' પ્રિય કરે તે જાણે' તેમાં રોલ આપ્યો વિદ્યાર્થી અવસ્થાથી જ કળા અને રમત – ગમત મારા શોખનાં વિષય એટલે સ્કુલ માં થતી સ્પર્ધાઓમાં ઈનામો મળતા રહેતાં હું જયારે ધોરણ આઠમાં અભ્યાસ કરતી તે વખતે મધુકરરાવ ચૌધરી' દ્વારા સન્માન પ્રાપ્ત થયું હતું.

મારી કલા યાત્રા આગળ ચાલી બાળકો થયા. તે વખતે મને કામ મળતું હતું.પણ બાળકોની જયા બદારી નો પ્રશ્ન ને લઈ કામ ગુમાવવું પડયું.

ભારતીબેન તેની ફિલ્મયાત્રા વિશેવાત કરતા કહે છે. કે ગુજરાતી ફિલ્મો, હિન્દી સિરિયલ, શોર્ટ ફિલ્મો આમ મને ખુબ કામ મળ તું ગયું. અને આજે ૪૨ ફિલ્મો અને ૨૮૦૦ (અઠાવીસો) જેટલી શોર્ટ ફિલ્મો મો કામ કરી ચુકી છું.

છેલ્લા ૧૦ વરસ થી યુ–ટયુબમાં મારી ફિલ્મો લાખો દર્શકો નિહાળે છે.

આજે મારા વતન ભાવનગર જિલ્લાના ટીબી ને યાદ કરતાં કરતાં સુરત ને કર્મભૂમિ બનાવી મારી કલાયાત્રાને આગળ વધારૂં છું.

હું જયાં સુધી છેલ્લો શ્વાસ લઈશ ત્યાં સુધી માર અંદરનાં કલાનાં જીવને ામરવા દઈશ નહી. તેમની ફિલ્મો પર નજર કરી લઈએ તો ફિરોજ ઈરાની સાથે "ચાણકય' ની છેલ્લી ચાલ, અન્ય ફિલ્મો રોકટોક, રાતનું રજવાડું, બાકી માંથી બાદબાકી, તારા સિવાય કેમ જિવાય ? ખારા પાણીની પ્રિતમું ના મૂલ, પ્રિત કરે તે જાણે, સિરિયલની વાતે કરવામાં આવે તો તેરે મેરે સપને, છોટી બહુ, મર્યાદા, ફિર સુંબહ હોગી, તમ્મનાં, કાઈમ પેટ્રોલ, સી.આઈડી. સાવધાન ઈન્ડિયા આ યાદી ખુબ લાંબી છે. જીવનનાં સાડા છ દાયકા વિતાવી ચુકેલા ભારતીબેન આજે પણ એટલા જ ઉર્જાથી કામ કરે છે.


"અમરેલી એકસપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
"અમરેલી એકસપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
"અમરેલી એકસપ્રેસ" દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ–૩૬

## હૃદયરોગ–૬

**હદય રોગના લક્ષણો : હૃદયશુળ (અન્જાઈના પેકટોરીસ)**

આજથી લગભગ ૩ વર્ષ પહેલા લોકડાઉનના સમયમાં રમેશભાઈ (દર્દીનું નામ બદલાવેલ છે) મારી પાસે આવેલ, રમેશભાઈની ઉંમર ૫૫ વર્ષ અને મુળ વતન જાળીયા પણ ધંધાર્થે સુરત સ્થાયી થયેલ. રમેશભાઈ સુરતમાં કાપડનો હોલસેલ બીઝનેસ કરતા હતા, નાના વેપારી તેમને ત્યા ખરીદીમાં આવતા હોવાથી, આખો દીવસ ચા – નાસ્તો ચાલુ જ હોય, રમેશભાઈ ખાવા – પીવાના અને ફરવાના શોખીન. તેમના ગ્રુપના મિત્રો સાથે સાપુતારા ફરવા ગયા હતા, રાત્રે સાપુતારામાં સીગરેટ પીતા – પીતા ટહેલતા – ટહેલતા સાપુતારાના ઢોળાવ વાળા રસ્તાનો ઢાળ ચડતા હતાને અચાનક છાતીમાં વચ્ચોવચ અંદરના ભાગમાં સખત દુખાવો ઉપડયો, જાણે છાતી પર એક ડુંગર જેટલો ભાર આવી ગયો હોય એવું લાગવા માંડયુ, ત્યા જ બેસી ગયા પાંચેક મીનિટમાં દુખાવો ઓછો થવા લાગ્યો અને પંદર મિનિટમાં તો એકદમ સારૂ થઈ ગયું. પણ આ પાંચ મિનિટ દરમ્યાન સહન કરેલો દુખાવો એટલો ગભરાવી નાખે તેવો હતો કે બીજે જ દીવસે ડોકટર પાસે જઈ કાર્ડીયો ગ્રામ કરાવ્યો, પણ કાર્ડીયો ગ્રામ સાવ નોર્મલ આવ્યો, ડોકટરે આપેલી દવા થોડા દિવસ લઈને બંધ કરી દીધી, થોડા દિવસ પછી તેમની દુકાને કાપડનું પોટલુ લઈ દાદર ચડતા હતા તો ફરી પાછો પેલા જેવો જ છાતીમાં દુઃખાવો થયો, પાંચ મિનિટ આરામ કરી લીંબુ સોડા પીધી એટલી વારમા સાવ સ્વસ્થ થઈ ગયા, આવું વારંવાર બનવા લાગ્યુ જયારે શ્રમનું કામ કરે એટલે દુઃખાવો થાય અને થોડીવાર આરામ કરી લીંબુ સોડા પીવે એટલે દુઃખાવો સાવ ગાયબ થઈ જાય આ દરમ્યાન ચાર – પાચ વાર કાર્ડીયો ગ્રામ કરાવ્યો પણ દરેક વાર કાર્ડીયોગ્રામ નોર્મલ જ આવે, આ પરીસ્થીતીમાં રમેશભાઈએ એવું માની લીધુ કે તેમને ગેસની તકલીફ છે, ગેસ ચડે એટલે દુઃખાવો થાય છે, અને ગેસ નીકળી જાય એટલે સારૂ જ રહે છે, ડોકટર સાહેબે તેને આગળ બીજી તપાસ કરાવવાની સલાહ આપેલ હતી પણ રમેશભાઈ માન્યા નહી, આ દરમ્યાન લોકડાઉન થયુ અને કામકાજ બંધ થઈ જતા અને કોરોનાની બીકે અહી જાળીયા આવી ગયા. જાળીયા આવ્યા પછી આવી તકલીફ થતા ગામાના મિત્રોએ સલાહ આપી કે ગેસ માટે દેશી દવા સારી અટલે મારી પાસે આવ્યા હતા, મે તેમની વાત બરાબર સાંભળીને મે એવું નિદાન કરેલુ કે રમેશભાઈને હદશુળ (એન્જાઈના પેકટોરીસ) છે. મે રમેશભાઈને કહ્યુ કે તમને ગેસને લીધે છાતીમાં વારંવાર દુખાવો થતો હોય એવું નથી લાગતું, એટલે તમારે ટ્રેડ મીલ ટેસ્ટ (જેમાં દોડતા–દોડતા હૃદયનો કાર્ડીયો ગ્રામ કરે ) કરાવવો જોઈએ, જયારે દુઃખાવો થતો હોય ત્યારે કાર્ડીયોગ્રામ લેવામાં આવે તો



તેમાં ખરાબી આવી શકે પણ દુઃખાવો બંધ થઈ ગયા પછી કાર્ડીયોગ્રામ એકદમ નોર્મલ આવી શકે આવા દર્દીમાં સ્ટ્રેસ કાર્ડીયોગ્રામ (ટીએમટી) કરાવીએ તો જ સાચું નીદાન થાય. એટલે રમેશભાઈએ દલીલ કરી કે મને છાતીમાં ફરતો – ફરતો દુઃખાવો થયા કરે છે એક જ જગ્યાએ નથી થાતો અને લીંબુ સોડા કે એવુ ગેસ માટે લવ એટલે તરત બંધ થઈ જાય



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

છે, સુરતમાં કેટલાય કાર્ડીયોગ્રામ કરાવ્યા પણ એકેયમાં કાંઈ નથી આવતુ મને ગેસ જ થાય છે એની દેશી દવા આપી દો, મને રમેશભાઈની વાત અને વર્તન પરથી એવું લાગ્યુ કે મે તેનું નિદાન બરાબર કર્યુ નથી. જો કે ત્યારપછી રમેશભાઈ કયારેય મારી પાસે આવ્યા નથી.

**હૃદયશુળ ( અન્જાઈના ) શું છે ?** : હદયની ધમનીઓના અંદરના ભાગમાં કોલેસ્ટ્રોલ તથા અન્ય પદાર્થો જામવાથી તેનો વ્યાસ ઘટે છે. સાંકડી થયેલી ધમની હૃદયને જરૂરી માત્રામાં રક્ત પુરવઠો અને ઓકસીજન પુરા પાડી શકા નથી. આમ માંગ અને પુરવઠામાં અસમતુલા ઉત્પન્ન થવાથી હૃદય હેરાન થાય છે. જો ઓકસીજનની માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર થોડુક અને ક્ષણિક જ હોય તો હૃદયના સ્નાયુઓ માત્ર ગુંગળામણ અનુભવ કરીને ફરી પાછા યથાવત કામે લાગી જાય છે તેનાથી દર્દીને છાતીમાં ભાર – દુખાવા જેવું લાગે છે. હૃદયરોગની આ શરૂઆતની સ્થીતી છે આને હૃદયશુળ કહે છે.

**હૃદયશુળની વિવિધ અભિવ્યક્તિઓ :** હૃદયમાં લોહી ઓછું મળવાથી થતી તકલીફોમાં છાતીના વચ્ચેના કે ડાબા ભાગમાં દુખાવો થવો એ ઘણી સામાન્ય અભિવ્યક્તિ છે, પરંતુ દરેક કિસ્સામાં આવું બનતુ નથી આ સીવાય પણ લક્ષણ હોઈ શકે જેમ કે, બેચેની થવી કે અસુખ થવું, ગભરામણ થવી, પરસેવો વળવો, ઉલટી – ઉબકા જેવું થવું, છાતીમાં ભાર લાગવો, શ્વાસ રૂંધાવો, હું હમણા મરી જઈશ તેવી લાગણી થવી, છાતીમાં ખેંચાણ થવુ વગેરે. જરૂરી નથી કે અન્જાઈ નાનો દુખાવો છાતીના ડાબા ભાગમાં જ થાય ! કયારેક તે છાતીના ડાબા ભાગ ઉપરાંત અથવા માત્ર ડાબા હાથના અંદરના ભાગથી છેક ટચલી આંગળી સુધી અથવા પેટના ઉપરના ભાગમાં અથવા ડાબા ખભામાં અથવા છાતીના જમણા ભાગમાં અથવા પીઠમાં અથવા જડબા – દાંતમાં પણ થઈ શકે છે. તેથી આ જગ્યાએ થતા દુઃખાવાની પણ વ્યક્તિએ અવગણના ન કરવી જોઈએ. ખાસ કરીને જયારે વ્યક્તી એક અથવા વધારે જોખમી પરિબળો ધરાવતી હોય. વળી આ જગ્યાએ થતા દુખાવાને અન્જાઈના જ હશે એવું માનીને ખોટી ચીંતા પણ ન કરવી. હા,એક વખત હૃદય વિશષજ્ઞ પાસે જઈ તપાસ કરાવી લેવી જરૂરી, ચિંતાનું સ્થાન તકેદારી લે તો જીવનમાં રંગ લાવે.

**મર્મ બિંદુ:** રમેશભાઈના કેસની ચર્ચા એટલે કરી કે મોટાભાગના હૃદયરોગમાં યોગ્ય તપાસ, નિદાન અને સારવારના અભાવે રોગ ખુબ ગંભીર બની જાય છે અને તેનું પરીણામ હાર્ટ એટેક કે કયારેક મ્રુત્યુ સુધીનું આવી શકે છે. હૃદય રોગ બાબતે જાત – જાતની ગેરમાન્યતાઓ લોકોમાં હોય છે જેમકે મને અન્જાઈના ન થઈ શકે, છાતીના ડાબા ભાગમાં દુઃખાવો તો જ અન્જાઈના હોય, હૃદયરોગમાં દુઃખાવો થાય તો જ હૃદયરોગ હોય, મને તો અવળા ગેસથી જ આવું થાય છે, કાર્ડીયોગ્રામ નોર્મલ છે એટલે હૃદયરોગ નથી. મે મારા આયુર્વેદ ચિકિત્સક તરીકે ના ૨૬ વર્ષના અનુભવે એવું જોયુ છે કે દર્દી પોતાના રોગ માટે મનમાં ખોટુ નિદાન લઈને આવ્યા હોય અને દર્દીએ ધારી લીધેલા નિદાનથી ડોકટર / વૈધ અલગ નિદાન કરે ત્યારે દર્દી મોટા ભાગે એ ડોકટર / વૈધની દવા બંધ કરી દેતા હોય છે અને પરીણામે દર્દીને ખુબ હાલાકી ભોગવવી પડતી હોય છે, આપણે જયારે સારવાર લેવા જઈએ ત્યારે ડીગ્રી વાળા ડોકટર / વૈધને આપણને થતી તકલીફ વિશે જ કહેવું જોઈએ. નિદાન ડોકટર / વૈધને કરવા દેવું જોઈએ અને તે કહે તેમ જ કરવું જોઈએ તો જ આપણી યોગ્ય સારવાર થશે. **(ક્રમશ)**

# રામ લખન દોઉ બંધુ વર, રૂપ શીલ બલ ધામ ।

યહાંસે પરસો ચલે ગયે હૈ." પત્રમાં લખેલુ હતું.

આદરણીય પોષ્ટ માસ્ટર સાહબ,

મૈં યહા સે રહાહૂં મેરે પત્ર, તાર, યા મનીઓર્ડર આવે તે નિમ્ન પણે પર ભેજનેકી કૃપા કરે." સરનામું, ઝરિયાનું હતું મને પત્ર લખ્યા બાદ તરત જ નીકળી ગયા હશે તેમ લાગ્યું. હું તરત મથુરા આવી ત્યાંથી જયપુર જવા નીકળી બસ આવવાનો વાર હોવાથી બસ સ્ટેન્ડ પર બેઠા બેઠા ભગવાનને પત્ર લખ્યો. દર્શન ન થવાથી પ્રેમથી ગુસ્સા સાથે પત્ર લખવાનું ચાલુ કર્યુ.

ભગવાન કયા આપ નહીં જાનતે થે કિ મૈં આઉંગી હી ભલે આપને પત્રમેં ગાંવકા નમ ન લિખા યદિ ચલે હી જાના થા ઔર આપ કહાં હૈ યહ નહીં બતાનાં ચાહતે થે તો પોસ્ટકી સ્ટેમ્પસે ભી કયોં છપને દિયા ? આપ મુઝે અપની નહીં માનતે હો જભી તો ઐસા કરતે હો ના ? ફિર આપકો અંતર્યામી કૌન કહેગા ? હું જયપુરથી જે રીતે મથુરા, વૃંદાવન આવી અને પાછી જાઉ છું તે વિગત લખી આપ સદૈવ સાથ મેં હો તો ઈસ તરહ પરેશાન કયોં કરતે હો ? ઈસકાં મતલબ આપ ચાહે તબ સાથ રહેતે હો, સબ જાનતે હો ઔર ચાહે તબ અનજાન બન જાત હો ઔર જરૂર મુઝે અપની નહીં માનતે તભી તો પત્રમેં ભી સંબોધન કેવલ 'પ્રિય રમા' કરતે હો 'મેરી રમા નહીં લિખતે હો ના ? બસ આવી જતાં પત્ર પુરો કીર ત્યાંથી જ પોસ્ટ કરી દીધો.

જયપુર પહોંચી જવાબની રાહમાં દિવસો વીતવા લાગ્યા. અઠવાડિયા બાદ બાપુજીના મિત્ર ભગવાનજીભાઈ કોટક ખાદી કાર્યાલયનાં કામ અંગે બાંદા ગયેલા ત્યાંથી તેઓ જયપુર આવ્યા. તેમણે ભગવાનનો પત્ર આપ્યો. કવર પર જ ભગવાને લખેલું હતું.

રમા રમણ ભગવાનકી જય

ખુબ જ ઉત્કંઠાથી પત્ર ખોલી વાંચ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ – બાંદા – ૨૩/૫/૬૩

પ્રિય મેરી રમા સાદર આશીરવાદ

વૃન્દાવનસે પત્ર દિયા થા મિલા હોગા. સ્વાસ્થ સાધારણ હૈ કેવલ રામ અનુજ મનકી ગતિ જાની, મકત ચલલતા હિય દુલસાની ।

ઉલ્ટી બંદ હૈ શૈષ વૈસા હી હૈ જેસા તુમ દેખ ગઈ થી.

મૈ જબ સ્થાન ઠીક કર લૂંગા તબ તુમસે મિલુંગા. તુમ મેરી ચિન્તા ન કરના.

ભજન કરના વિષયોસે બચના.

મૈં શીઘ્ર હી આનેવાલા હું ચિન્તા ન કરના.

સબકો આસીસ કહના.. – રણછોડદાસકા આસીસ


ભગવાનજીભાઈ દ્વારા જાણવા મળ્યું તેઓને અચાનક બાન્દામાં ભગવાનના દર્શનનો લાભ મળ્યો. તેઓ જયપુર આવવાનાં હોવાથી આ પત્ર તેમની સાથે મોકલાવેલો ભગવાનનો આગળ નો પ્રોગ્રામ તેમને ખબર ન હતી.

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



હું તો 'મેરી રમા' સંબોધન વાંચી આશ્વર્યમાં ડૂબી ગાઈ કે મારો પત્ર તો મળ્યો લાગતો નથી. અને મારા પત્રનો જવાબ શી રીતે મળી ગાયો ? પરંતુ સર્વેશ્વર ભગવાન માટે શું અશકય છે ? આ પત્રનાં જવાબમાં મેં ઝરિયા બીજો પત્ર લખ્યો.

થોડા દિવસો બાદ ઝરિયાથી મારા બન્ને પત્રનો જવાબ આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ – રામનગર – ૨/૬/૬૩

પ્રિય રમા, સાદર આશીરવાદ તુમારે દો પત્ર મિલે, ઉનમે મીઠા ઠપકા બડા સંતોષપ્રદ હૈ. મેરી રમા તુમસે છીપાવ રખતા એસા તો મૈને સોચા ભી નહીં થા દેખો તુમ સત્ય માનો યા ન માનો. યહ તુમારી ઈચ્છા પર નિર્ભર હૈ પર બાત યહ હૈ કિ મૈંને તુમસે કહા થા કિ મૈ તુમારે પાસમેં રહનેકા વિચાર હૂં. ઔર વૃન્દાવન રહનેકા સોચા. મથુરામે રહકર સ્થાન આદિકા નિશ્વય કરકે રહના ચાહતા થા. પર વહાંકા જલવાયું અચ્છા નહીં. રહા. પ્રતિકૂલ પડા તબ વિચાર આયા કિ મૈં ઉદેપુર જાઉ પર વહ ન બન સકા, તબ કુસુન્ડાકા સોચા ઔર અભી તક તો પહુંચા નહીં. અબ તુમ હી વિચાર કરો કિ મૈને તુમસે કયા છિપાવ કિયા ? જબ મુજે સ્વતઃ હી માલૂમ નહી કિ મેં કબ કહાં પહોંચૂંગા તબ તુમસે કયાં કહું ? તુમ એસા કભી ન માનો જૈસા માનતી હો.

રામ દ્રિખાચહિ અનુજહિ રચના, કહિ મૂદ્રુ મધુર મનોહર બચના ।

મેરા સ્વાસ્થ ઠીક હો રહા હૈ બરાબર ભોજન લેતા હૂં, આરામ કરતા હું ઔર બરાબર નિયમ ચાલુ કર દીયા હૈ.મૈ કલ બરવારા જા રહા હૂં. વહાં પર બિલ્કુલ એકાંતમે રહુંગા ઔર બાદમેં ગુરૂપૂર્ણિમાં ગોદિયાકી કરૂંગા.

મૈ કભી ભી તુમસે છિપાવ નહીં રખતા, પર એસા હો હી જાતા હૈ કયાં કરૂં.

સબકો આસીસ કહના. – રણછોડદાસકા આસીસ

તા.ક.મૈ કુસુન્ડા નહીં બરવારા જા રહાં હૂં તુમકો મથુરા જાનેકા બહુત કષ્ટ હુઆ પર કયાં કરૂં. – રણછોડદાસ

થોડા જ દિવસોમાં બીજો પત્ર તથા તાર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ – શ્રી રમારમણ પરમાત્મને નમઃ

મેરી રમુ સાદર આશીરવાદ

રમુ મેરે પત્ર તાર પહોંચે હોંગે, મેરા સ્વાસ્થ્ય સાધારણ સુધારા પર હૈ રમા તુમ વૃંદાવન ગઈ. યહ બહુત કષ્ટ હુઆ, પર ધર્મ તો તુમારા યહી થાં બરાબર મુઝે સમજમેં આયા.

મેરા સ્વાસ્થ્ય ઠીક હોને પર બહુત જલ્દી પુર્ણ સ્વાસ્થ્ય પર મિલુંગા. રમુ તુમ ગુરૂપૂર્ણિમાં પર જરૂર ગોંદિયા આના હો.

દેખો ભુલના નહીં સબકો આસીસ – શ્રી રામચંદ્રાય નમઃ – શ્રી રમારમણ વિજયતે

પ્રિય અતિપ્રિય રમા સાદ આશીસ્વાદ તુમકો વૃંદાવન જાને મેં કષ્ટ હુઆ ઉસે વિચારતે હી તુમારે પ્રેમ આવેશસે મન ગદગદ હો જાતા હૈ પર કયાં કરૂં મેં તો ચલા આયા થા.

રામ કહ સબ કૌશિક પાહી, સરલ સુભાવ ગુલા છલ નાહી । મેરા સ્વાસ્થ્ય ઠીકહે ઉલટીકો તો ૧ માસસે વિદા કર દી હૈ યદા કદા ખાંસી આતી હૈ વહ ભી જબ પરિશ્રમકા અનુભવ હોવે તો.

રમા ગોંદિયા જરૂર આના ફિર અપને સોચેગં અચ્છા – સબકો આસીસ – રણછોડ

આપ્તજનોનું થોડું પણ કષ્ટ ભગવાન સહી શકતા નથી. વૃન્દાવન જતાં દર્શન ન થવાથી મને જે દુઃખ લાગેલ તે હજી પ્રભુ ભુલી શકતા નથી. તે બાબત થોડા થોડા દિવસે પત્રો આવતા રહેતા પરંતુ હવેનાં પત્રથી જાણવા મળ્યુ કે પાસે રહેલી વ્યકિત મારા કોઈ પત્રો ભગવાનને આપતા નહીં તેમ જ ઘણીવાર ભગવાનનાં પત્રો મને પોસ્ટ કરતા નહીં આવી ઘટનાથી ભગવાનને પણ બહુ દુઃખ થતુ, કોઈ પુણ્યોદાયથી સંત અને ભગવંતનું દર્શન કે સાંનિધ્ય મળી શકે છે. પરંતુ તેમનાં હૃદયમાં સ્થાન મેળ વવા માટે તેમની આજ્ઞા અનુસાર શુદ્ધ વર્તન કેળવતા તેઓની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આવા વર્તન વિષે દુઃખ વ્યકત કરતાં ભગવાને પત્ર લખ્યો.

પ્રિય રમા સાદર આસીસ તુમારા કોઈ પત્ર નહીં મિલા યહાં પર પત્ર ખોલ ડાલતે હૈ તુમને પત્ર તો નહીં દિયે ? યદિ દિયે તો કિતને ઔર કયાં લિખા થાં ? યહ સબ પત્ર ખોલ લેતે હૈ તુમ સાવધાન રહના ઔર હંમેશા પત્રોકા ધ્યાન રખના. મુજે બહુત ચિંતા હો ગઈ. અરે યહ સબ પત્ર ખોલતે હૈ દેખો ઈનકી નીતી.

મેરા સ્વાસ્થ્ય ઠીક હૈ ૨૭ કો મૈ જા રહા હૂ. – રણછોડદાસકા આસીસ

તુમકો મેરે પત્ર મિલે કી નહીં...

૧૯૬૬ માં આ સાથેનો લખાયેલ એક પત્ર વિચિત્ર રીતે મળેલો તેની વિગત આગળ આવશે. આવી વ્યકિતઓથી ભગવાન પત્રો દ્વારા તેમજ પ્રત્યક્ષ મળતા ત્યારે પણ તેઓનાં નામ આપી તેમનાથી સાવધાન કરતા. ઈર્ષ્યા અને દ્રેષથી માનસ કેટલું નીચે ઉતરે છે. જે વ્યકિતઓથી જે રીતે મને ભગવાન સાવધાન કરતાં અને તેઓનું વર્તન હું જે રીતે જોતી.. **( ક્રમશઃ ૧૧૯)**

# સમજણ એ જ નારાયણ

**"ભીડ લાગે છે અહી ટોળો વળેલા શબ્દની, એક કોલાહલ થયો છે, અર્થની અટકળ વગર" – પ્રફુલ્લ વોરા**

મોબાઈલ અને સોશિયલ મીડિયા અને તેનાં વિવિધ પ્લેટફોર્મોએ તો જાણે કે જીવનધોરણ, સામાજિક મૂલ્યો અને માપદંડો જ બદલી નાખ્યાં !! થોડા વર્ષો અગાઉ વ્યકિતગત મોબાઈલ હોવોએ વિશેષ પ્રાઈવેટ લકઝરી માનવામાં આવતી સુખી અને સાધન સંપન્ન વર્ગનાં માણસો જ આ ઈન્સ્ટુમેન્ટનો ઉપયોગ કરી શકતાં !! આમ જનતા માટે તો મોબાઈલ એક દીવા સ્વપ્ન સમાન જ હતું.

ઈનકમીંગા કોલનાં પણ રેઈટ વસુલવામાં આવતાં અને આઉટ ગોઈગ ચાર્જ પણ ખુબ જ ઉંચો રહેતો. (અને એટલે જ વાર્તાલાપ પણ ટુંકા અને મુદાસરનો જ રહેતો !!) સામાન્ય માણસ માટે આ સાધન વાપરવું એ ગજા બહારની સગવડ ભોગવવા સમાજ ગણાતું ! પરંતુ ટુંકાગાળાનાં સમયમાં જ ટેકનોલોજી અને તેનાં ફળસ્વરૂપે ડીઝીટલ



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

ક્ષેત્રમાં આવેલી ક્રાંતિનાં પ્રતાપે મોબાઈલ પ્રોડકશન અને તેનાં યુઝર બન્નેનો વ્યાપ કુદકે – ભૂસકે વધવા લાગ્યો. સમાજનાં નાના અને છેવાડાનાં માણસનાં ઘર અને હાથ સુધી આ સાધન પહોંચી ગયું !! કી–પેઈડ ધરાવતાં મોબાઈલ ઈન્સ્ટુમેન્ટની બનાવટ અને વેંચાણ મામલે નોકીયા કંપનીની બોલબાલા રહી. માર્કેટમાં વિશ્વ લેવલે આ કંપનીનાં સીક્કા પડવા લાગ્યા પણ પરિવર્તનનાં પવન તીવ્ર ગતિથી ફુંકાયો અને તેથી જ બહુ ટુંકા ગાળામાં જ એન્ડ્રોઈડ ફોન, ટચ સ્ક્રીન ફોનનો જન્મ, વિસ્તાર અને વ્યાપ વધ્યો. નોકીયા કંપની સમયનાં પરિવર્તનનાં પ્રવાહ સાથે તાલમેલ ન જાળવી શકી અને પરિણામે તેનાં વળતા પીણ થયા. મધ્યાહને તપતો તેનો સુર્ય આથમવા લાગ્યો નવી ટેકનોલોજીમાં મોબાઈલમાં કેમેરો મુકવામાં આવતાં જ જાણે કે આખું જગત બદલાઈ ગયું. પોતાની જાતને જાજરમાન રીતે અભિવ્યકત કરવાનો એક નવો જ યુગ આરંભાયો માહિતીઓને વિસ્ફોટ થયો. કામનું ઉકામું સારૂ–નરસુ, સઘળુ આંગળાનાં ટેરવે અને આંખોનાં ઉંબરે તરતું ફરતુ, તણાતું ફંગોળાતું ઘસમસતું આવવા માંડયું.

માનવજાત આ જાદુઈ સાધનની રીતસર ગુલામ બની ગઈ !! પ્રમાણભાન ભુલાયા, મુલ્યો વિસરાયા, સ્વભાવ, રહેણી કરણી, સંબંધો, સ્વાસ્થ્ય અને નૈતિકતાનાં માપદંડો બદલાવા લાગ્યોં. તમામ અવસ્થાનાં લોકોને પોતાની પકકડમાં લઈ લેનાર મોબાઈલનાં ફાયદાઓ છે. તેમ નુકશાન પણ ઓછું તો નથી જ : પ્રભુ સૌને સદબુદ્ધિ આપે એજ અભ્યર્થના :

**નવનીત : મતલબની વાત સૌ સમજે છે, વાતનાં મતલબ બહુ ઓછાં !**

# સફેદ સોનું પીળુ થતાં ખેડૂતો "ચિંતિત"



**ખેડૂત કહાની**

લોકોનાં મતીરાળામાં છેલ્લા બે માસથી વિરામ લેતા મેઘરાજા ફરી આગમન થતાં જગત તાત ખુશ છે. પણ ખેતરોમાં લહેરાતા કપાસ પીળો પડી ખાખરી જતાં ખેડૂતોનાં મોઢે આવેલ કોળીયો છીનવાય જવા નો ભય છે.

છેલ્લા અઠવાડિયામાં ખુબ મોટા પ્રમાણમાં કપાસી પીળો પડી ચુકાય જવા માંડયો છે. શરૂઆતમાં વાવણી થી લઈ કપાસ રોપણી સમયે તકલીફ વેઠીા બાદમાં સાંતી સમયે મેઘરાજા સતત વરસતા નિંદામણ ખુબ થયું હતું. અને હાલ કપાસ સાવ ચુકાવા લાગ્યો છે. ખેતીમાં કરેલ ખર્ચનું વળતર મળશે નહી. તેવી હાલ ભીતી છે. કપાસને એક ભટકે ગરમી ઠંડી ને લઈ કપાસ સહન ન કરી શકતા ફુગ તેમજ પેરાવીસ્ટની અસર જોવા મળી રહી હોય તેમ જાણકારો નું માનવું છે. પણ ખેડૂતો નો કપાસ તું સર્વ કરી વળતર મળે તેવી આશા રાખી રહયા છે. – **હરેશ બોરસાણિયા, મતીરાળા.**

# "એક મુલાકાત આવી કરીએ"

**અનુભૂતિનાં અક્ષરો**
**– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



હું તમે આપણે સૌ આજીવન કેટકેટલાય સંબંધો બનાવીએ છીએ. એની પાછળ આપણો સમય, શકિત અને સમજણ બધું જ ખર્ચીએ છીએ. આપણું નામ ને અસ્તિત્વ શોધીએ છીએ.

'હું કોણ?' 'મારૂં અસ્તિત્વ શું ?'

એના જવાબો શોધવા સતત ભટકીએ છીએ. અને એની શોધ માટે કેટકેટલાય લોકોને મળીએ છીએ. નામી કે વિશેષ લોકોથી ઓળખ વધારીએ છીએ. સતત તેમના સંપર્કમાં રહીએ છીએ. અને આવા તો કેટકેટલાય પ્રયાસો કરીએ છીએ. એક ઓળખ બનાવવા અથવા તો શોધવા. પરંતુ ખરેખર જેને મળવું ખૂબ જરૂરી છે બસ એને જ મળવાનું કયાંક ચૂકાઈ જાય છે. અને 'એવી એક વ્યક્તિ વિશેષ એટલે ખુદ આપણે પોતે, હા આપણે પોતે'.

આખી દુનિયાને મુલાકાત આપતાં આપતાં આપણે આપણી ખુદની સાથે મુલાકાત કરવાનું ચૂકી જઈએ છીએ. અને એટલે જ આ જવાબો માટે ભટકવું પડે છે. કેમકે જયારે આપણે આપણી જાતને ઓળખી લીધી તો દુનિયા ઓળખે એના પ્રયત્ન નહી કરવા પડે, કે કોઈની ઓળખની આશાએ નહી જીવવુ પડે. માટે કેટલાને મળવું પડશે એની ઉપાધિ કર્યા વગર આપણે સ્વયંને પેલા મળી લઈએ.

કેમકે જયા સુધી આપણે જ આપણને નહી ઓળખીએ ત્યાં સુધી જગત આપણને કેમ ઓળખશે ? આ પૃથ્વી પર પ્રભુએ કોઈ જીવનુ અકારણ સર્જન કર્યુ નથી. તો આપણા આ અવની પર અવતરવા માટેના એ વિશેષ કાર્યને ઓળખી લઈને ઈશ્વરની ઈચ્છાને માન આપીએ. પણ આપણા અવની પર અવતરવાના પ્રયોજનને આપણા અસ્તિત્વને જાણવા માટે સૌથી પહેલા આપણી ખુદની સાથે એક મુલાકાત ખૂબ જરૂરી છે. અને જયારે આ મુલાકાત થઈ જશે ત્યારે આપણા દરેક સવાલોના જવાબ ત્યાંથી જ મળશે, અને ત્યાંથી મળેલા જવાબો ૧૦૦ એ ૧૦૦% પ્રામાણિક હશે. તો આપણે સૌ આ બહારી દુનિયાની વ્યસ્તતામાં જે એક અમૂલ્ય મુલાકાતનો અવસર ચૂકી ગયા છીએ, તે વધુ મોડું થાય એ પહેલા અવશ્ય આ તક ઝડપી લઈએ. અને વિશ્વના સૌથી વિશેષ વ્યક્તિને મળી લઈએ.અને આપણા દરેક સવાલોના જવાબ શોધી લઈએ.જેથી એની શોધમાં દરબદર ભટકવું ના પડે. અને અવશ્ય આ સવાલોના જવાબ મળી જાય ત્યારે ઈશ્વરે જે પ્રયોજન માટે અવની પર આપણને મોકલ્યા છે એ રસ્તે આગળ વધીએ, ને એનેગમે એવી ઓળખ બનાવીએ. કેમ કે જયાં સુધી આપણે ખુદની મુલાકાત નહીં કરીએ ત્યાં સુધી આપણે ખુદને જ ખરા અર્થમાં નહીં ઓળખી શકીએ. અને એક નકાબધારી જિંદગી જીવતા રહીશું. માટે ચોક્કસ પોતાની જાતને મળવાનો સમય આપીએ. કેમકે, સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે, 'જયારે દિવસમાં તમે એક વખત પોતાની જાત સાથે મુલાકાત નથી કરતા તો તમે આ વિશ્વની સૌથી વિશેષ વ્યક્તિને મળવાનો અવસર ચૂકી જાવ છો.' તો આપણે સૌ આ અવસર ચૂકીએ નહીં અને પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી ખુદની સાથે એક મુલાકાત કરીએ. આ મુલાકાત પછી ચોક્કસ દરેક જવાબો મળશે જ અને જીવન પણ બદલશે. તો ચાલો એક કાર્યક્રમ ગોઠવીએ ખુદથી ખુદની મુલાકાત માટેનો હું, તમે, આપણે સૌ પહેલાં પોતાને મળીએ,પછી અન્યને મળીશું, એક નવી ઓળખ સાથે.'જાણવા જવાબો જીવન તણાં, પ્રયાસ કરો જાતનાં મિલન તણાં 'નિધી મહેતા, 'ખુશી'

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શ્રી ભોજલપરા પ્રાથમિક શાળાનાં નવા મકાનનું ખાતમુર્હુત કરવામાં આવ્યું





અમરેલી શહેરમાં કાર્યરત નગર પ્રાથમિક સમિતિ હસ્તકની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને સારામાં સારી સુવિધા સાથે ગુણવત્તા સાથેનું શિક્ષણ મળી રહે તે માટે હર હંમેશ સકારાત્મક રચનાત્મક અભિગમ ધરાવે છે. અમરેલી નગર શિક્ષણ સમિતિના સંચાલિત શ્રી ભોજલપરા પ્રાથમિક શાળામાં બુનિયાદી તમામ સુવિધા બાળકોને મળી રહે તે માટે સમિતિના સનિષ્ઠ પ્રયાસો થકી સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત શાળાના અત્યાધુનિક નવા મકાન માટે જરૂરી મંજૂરી મેળવવામાં સમિતિના પ્રયાસો સફળ રહ્યા. આ અત્યાધુનિક મકાન ૮૦,૪૬૦૦૦ના ખર્ચે બનવા જઈ રહ્યું છે, જેનું ભૂમિપૂજન અને ખાતમુર્હુત કૌશિકભાઈ વેકરિયા (નાયબ મુખ્ય દંડક, ગુજરાત સરકાર) તેમજ મુકેશભાઈ સંઘાણી (વાઈસ ચેરમેન, અમર ડેરી અને પ્રમુખ સારહિ)નાં વરદ હસ્તે તા. ૧૯/૯/૨૩નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે ખાતમુર્હુત ભોજલપરા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું. આ ખાતમુર્હુતના કાર્યક્રમના મુખ્ય મહેમાન બીપીનભાઈ લીંબાણી (પ્રમુખ અમરેલી નગરપાલિકા), ભાવેશભાઈ સોઢા (પ્રમુખ શહેર ભાજપ અમરેલી) તેમજ અતિથિ વિશેષ બીનાબેન કાલેણા (ઉપપ્રમુખ અમરેલી નગરપાલિકા), મનિષભાઈ ધરજીયા (કારોબારી ચેરમેન), શીતલબેન ઠાકર, દિલાભાઈ વાળા, પૂર્વ કારોબારી ચેરમેન સુરશભાઈ શેખવા, સભ્ય ચિરાગભાઈ ચાવડા, હરિભાઈ કાબરીયા, ઉર્મિલાબેન સંજયભાઈ માલવિયા, મહિલા મોરચાના મીનાબેન ચૌહાણ, ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, ચિરાગભાઈ ત્રિવેદી, અલ્કાબેન ગોંડલીયા, હરેશભાઈ ચાવડા વગેરે પદાધિકારી, તમામ શાળાના આચાર્યો તેમજ એસએમસી કમીટીનાં તમામ સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કૌશિકભાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે તુષારભાઈ ચેરમેન બન્યા ત્યારપછી સમિતિની શાળાઓને શિક્ષણનો સાચા અર્થમાં વેગ મળ્યો છે તેમજ મુકેશભાઈ સંઘાણીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, તુષારભાઈના નેતૃત્વમાં શિક્ષણ માટે થઈ રહેલા કાર્યોમાં તમામ પ્રકારની મદદ કરવામાં આવશે, ચેરમેન તુષાર જોષીએ શિક્ષણ સમિતિના કાર્યો વિષે માહિતગાર કર્યા હતા. સ્વાગત પ્રવચન આચાર્ય મુકેશભાઈ નાકરાણીએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં અંતે આભારવિધિ શાસનાધિકારી આશિષભાઈએ કર્યુ હતું. આ કાર્યક્રમનું આયોજન અમરેલી નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ભોજલપરા શાળાના આચાર્ય અને સ્ટાફે આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ– અમરેલીની યાદી જણાવે છે.

### રાજયના પોલીસ વિભાગ દ્વારા જનતામાં જાગૃત્તતા લાવવા

## વડિયા : પોલીસ દ્વારા જાહેર જનતા માટે ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજાયો

### પીએસઆઈ ડાંગર દ્વારા જાહેર જનતા સાથે યોજવામાં આવી બેઠક

વડિયા, તા. ૩૦

સમગ્ર રાજયમાં વર્તમાન સરકારનાં ગૃહ વિભાગ દ્વારા લોકોમાં કાયદાનું પાલન થાય અને ગુનાઓ અને કાયદા પાલન બાબતે જાગૃતતા આવે તે માટો રાજયનાં ગૃહ વિભાગ દ્વારા રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાનાં માર્ગદર્શનથી સ્થાનિક પોલીસ દ્વારા કાર્યક્રમ યોજી સાઈબર ક્રાઈમ અને સ્થાનિક સમસ્યાઓ બાબતે જાગૃતતા લાવવા સાથે ગુનાખોરી અટકાવવા નવતર પ્રયોગ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વડિયા પીએસઆઈ ડાંગરના અધ્યક્ષ સ્થાને એક મિટિંગ વડિયા પોલીસ સ્ટેશનમાં યોજવામાં આવી હતી જેમાં પીએસઆઈ ડાંગર દ્વારા સાઈબર ક્રાઈમ, સ્થાનિક મજુરોની નોંધણી, ટ્રાફિક નિયમોનું પાલન અને સ્થાનિક સમસ્યાઓ બાબતે માર્ગદર્શન ત્રણ વાત તમારી અને ત્રણ વાત અમારી કાર્યક્રમ રૂપે સ્થાનિક લોકોનાં પ્રશ્નો પોલીસ સમક્ષ રજુ કરવા જણાવાયું હતું. બીજી બાજુ વાડીઓમાં કામ કરતા મજુરોની નોંધણી અને ટ્રાફિકનાં નિયમોનું પાલન કરવા લોકોને પીએસઆઈ દ્વારા જણાવાયું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો સરપંચ મીનષભાઈ ઢોલરીયા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમ્મર, તુષારભાઈ ગણાત્રા, મુન્ના બાદશાહ, જીગર સેંજપાલ સહીત ગ્રામજનો અને પોલીસ સ્ટાફ જોડાયો હતો.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

### સરપંચ અને અગ્રણીની રજૂઆતથી

## સાવરકુંડલાનાં મોટા ભમોદ્રા ગામનાં ૩૫ જેટલા ગામજનોને હાશકારો

### પીજીવીસીએલ દ્વારા રકમ પરત કરાઈ

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાનું છેવાડાનું ગામ મોટા ભમોદ્રામાં ૩૫ જેટલા પરિવારોએ મીટર લેવાની અરજી કરેલ હોઈ અને મીટર નાખતી બાબતે કોન્ટ્રાકટર દ્વારા ૪૨૦ જેટલા રૂપિયા ઘર દીઠ લેવાતા હોવાનું જાણવા મળતા જ સરપંચ ભાવેશભાઈ ખુંટ અને કિસનભાઈ ખુમાણ દ્વારા ધારાસભ્ય અને સંસદસભ્યને આ બાબતની જાણ કરતા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી પીજીવીસીએલના અધિકારીઓ અને કોન્ટ્રાકટર સાથે વાતચીત કરી ૩૫ પરિવારોને પૈસા પરત અપાવ્યા હતા. આ સમગ્ર બાબતે ગ્રામજનોએ સરપંચ ભાવેશભાઈ અને કિશનભાઈ ખુમાણની પ્રશંસા કરી હતી સાથે સરપંચ દ્વારા ધારાસભ્ય અને સંસદસભ્યનો આભાર વ્યકત કર્યો હતો. એમ અરમાનભાઈ ધાનાણીની એક યાદીમાં જણાવાયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની સિવિલ હોસ્પિટલમાં**

પ્રસ્થાપિત કરી દર્દીને હૂંફ આપવાનો પ્રયાસ કરે છે.

રૂપાલાને આ અભિયાનની જાણ થતાં તેને બિરદાવેલ અને પોતે જયારે પણ અમરેલી હોય ત્યારે આ ગૃપ સાથે જોડાઈને દર્દીઓની મુલાકાત લેવાની ઈચ્છા વ્યકત કરી હતી.

### સીનીયર એડવોકેટ અજય પંડયાની દલીલોને ધ્યાને લઈ

## અમરેલી ખાતે છૂટાછેટાનો ઐતિહાસિક ચુકાદો આપતી ફેમિલી કોર્ટ

અમરેલી, તા. ૩૦

ખાંભા તાલુકાનાં સમઢિયાળા ગામે રહેતા ભાવેશ લાલજીભાઈ સુખડીયાનાં લગ્ન ગુલાબ બેન સાથે અમરેલી મુકામે થયેલ ત્યારબાદ. થોડા સમય બાદ આ.ગુલાબબેન દ્વારા તેનાં પતિ અને તેનાં ઘરનાં સભ્યો અને વૃદ્ધ માતાને દુઃખ ત્રાસ આપી તેની માલિકીનું મકાન હોવા છતાં ઘર બાર કાઢી મુકેલ હોય આ ત્રાસ સહન ન થતાં ભાવેશભાઈ દ્વારા અમરેલીનાં ફેમીલી કોર્ટમાં છૂટાછેડા મેળવવા અરજ કરતાં નામ ફેમીલી કોર્ટ બાર કાઢી મુકેલી હોય આ ત્રાસ સહન ન થતાં ભાવેશભાઈ દ્વારા અમરેલીનાં ફેમિલી કોર્ટમાં છૂટાછેડા મેળવવા અરજ કરતા નામ ફેમીલી કોર્ટ દ્વારા અરજદાર અને સામેવાળાનો પુરાવો લઈ પુરાવાનાં અંતે ફેમીલી કોર્ટ દ્વારા ત્રાસ સહન ન થતાં ભાવેશભાઈ દ્વારા અમરેલીનાં ફેમિલી કોર્ટ દ્વારા અરજદારનાં પત્નિ દ્વારા ગેરકાયદેસર રીતે તેની સાસુની માલિકીનું મકાન હોવા છતાં તેને અને તેનાં પરિવારને કાઢી મૂકી તેને ત્રાસદાય વર્તણુંક જે પુરાવામાં આવેલ હોય તે તમામ હકીકત જજ ઓઝા દ્વારા અરજદાર ની છુટાછેટાની અરજી મંજુર કરી ઐતિહાસિક ચુકાદો આપી વૃદ્ધ, સાસુ ને ત્રાસ આપી કાઢી મુકતા કે ન સાચવતાં લોકો માટે ઉદાહરણરૂપ ચુકાદો ગણિ શકાય.

આ કેસમાં વિદ્વાન વકીલ અજયભાઈ પંડયા અને એન.એ. દલ રોકાયેલ હતા.



## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૨૦ |
| ૨ | મગફળી | ૧૨૭૦ | ૧૩૫૦ |
| ૩ | મગ | ૧૫૬૦ | ૨૧૪૦ |
| ૪ | અડદ | ૧૭૧૦ | ૧૮૦૦ |
| ૫ | ઘઉં | ૪૫૬ | ૪૯૪ |

પાના ૧ ઉપરનું ચાલું **માણેકવાડા મંડળીનાં મંત્રીને**

મંડળીમાં ગેરરીતિ આચારેલ.

બેન્ક દ્વારા કરવામાં આવેલ તા. ૩૧/૩/૨૦૨૧ સુધીના ઈન્સ્પેકસન દરમ્યાન તા. ૨/૮/૨૦૨૧ના રોજ મંડળીના મંત્રી સાગરભાઈ અરવિંદભાઈ પટોળિયાએ ઉપરોકત ગેરરીતિ કર્યાનો સ્વીકાર કરેલ છે તેમજ રૂા. ૪૬,૧૬,૫૭૦ જેટલી રોકડ સિલક હાથ ઉપર જોવા મળેલ છે. બેન્ક મારફત વારંવાર મૌખિક તેમજ વ્ય. કમિટીની મિટિંગમાં લેખિતમાં સિલક ભરી આપવાનું જણાવેલ હોવા છતાં મંડળીના મંત્રીએ હાથ ઉપરની રોકડ સિલક ભરપાઈ કરેલ નથી. મંડળીની રોજબરોજની કામગીરીમાં પણ અનિયમિતતા જોવા મળે છે તેમજ મંડળીમાં ઠરાવ બુક, રોજમેળ, વાઉચરો વ્યવસ્થિત રાખવામાં તેમજ લખવામાં આવતા નથી. તેમજ બેન્ક દ્વારા મંગાવવામાં આવતી મંડળીનાં માહિતી પત્રકો પણ સમયસર બેન્કમાં રજૂ થતાં નથી તેમજ મંડળીના ઓફિસ સમય દરમ્યાન પણ મંત્રી ગેરહાજર રહે છે. મંડળીના મંત્રી દ્વારા સભાસદો અને બેન્કના કર્મચારીઓ સાથે ગેરવર્તણૂંક તથા અસભ્યતાપૂર્વક વર્તન કરેલ છે જેવી વિગેરે મધ્યસ્થ બેન્ક અમરેલીની ભલામણના આધારે મંત્રીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.


## જાહેર નોટિસ

**મોજે–અરજણસુખ, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલી,**
**રે.સ.નં. ૧૪૫ પૈકી ૪/પૈકી ૧, હેકટર ૧–૩૫–૫૭, ખાતા નં. ૬૩૦**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે અરજણસુખ, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલીના ખાતા નં. ૬૩૦ થી રે.સ.નં. ૧૪૫ પૈકી ૪/પૈકી ૧, હેકટર ૧–૩૫–૫૭, વાળી ખેતીની મનસુખલાલભાઈ જીવાભાઈ ગજેરા, રહે. ધુડશીયા, ના સ્વતંત્ર નામે આવેલ છે. આ આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, સ્વપાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે,

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત/લીઝલાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચૂક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૩૦/૦૯/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
તે તમારા અસીલની સુચનાથી



**ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી**
**અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા**

**દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સુત્ર સહકારથી સમૃધ્ધિને સાર્થક કરતા તારીખ ૨૪/૧૦/૨૦૨૩ થી તારીખ ૨૮/૧૦/૨૦૨૩ સુધી ૫ દિવસનો**

સહકારના માધ્યમથી ગુજરાતમાં પ્રથમ વખત સહકારી મંડળીઓ અને સખી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્તુઓના વેપાર હેતુ પ્લેટ ફોર્મ પુરૂ પાડવા એ.ડી.સી.યુ. હાર્ટ પ્રદર્શની અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ટોલ રાખવા માટે તારીખ ૧૦/૧૦/૨૦૨૩ સુધીમાં નિયત નમૂનાનું ફોર્મ ભરી નોંધણી કરવાની રહેશે. મર્યાદિત સંખ્યામાં સ્ટોલ રાખવાના હોય એ વહેલા તે પહેલા સ્ટોલની નોંધણી કરાવી લેવી.

: સંપર્ક :

**અમરેલી જિલ્લા સહકારી સંઘ**
સહયોગ બિલ્ડીંગ, ડોકટર જીવરાજ મહેતા રોડ,
લાયબ્રેરીની બાજુમાં અમરેલી.
મોબાઇલ નંબર ૯૬૬૪૭ ૬૨૦૨૫


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૨૧ | ૧૫૫૦ |
| ૨ | ચણા | ૧૧૨૬ | ૧૧૨૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૫ | ૧૩૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૫ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૭૫ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૬૧ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૩૭૫ |
| ૬ | બાજરો | ૩૪૨ | ૪૧૬ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૫૩ |
| ૯ | મગ | ૧૧૬૦ | ૨૦૭૭ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | ૧૮૧૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૨૩૫ |
| ૧૨ | તુવેર | ૧૪૪૦ | ૨૨૫૦ |
| ૧૩ | કપાસ | ૯૯૦ | ૧૫૯૯ |
| ૧૪ | એરંડા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | ધાણા | ૮૦૦ | ૧૨૪૦ |
| ૧૬ | સોયાબીન | ૮૪૬ | ૮૮૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૪૦ | ૧૩૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૪૮૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૪૦ |
| ૪ | તલ કાળા | ૩૦૫૦ | ૩૨૮૦ |
| ૫ | કપાસ | ૧૪૨૧ | ૧૫૮૧ |
| ૬ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૫૭૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૦૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૬ |
| ૯ | બાજરો | ૩૩૫ | ૩૯૦ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૦૧૬ |
| ૧૧ | અડદ | ૧૦૩૦ | ૧૬૯૬ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | – |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૮૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૧૭૫ |
| ૨ | કપાસ | ૭૦૦ | ૧૫૫૧ |
| ૩ | બાજરો | ૩૮૦ | ૪૩૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૩૮ |
| ૫ | જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૦૫ |
| ૭ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૮૫ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ૩ | ચણા | ૧૦૦૫ | ૧૧૩૧ |
| ૪ | તુવેર | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૫ | ચોળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | અડદ | ૧૭૦૧ | ૧૮૫૦ |
| ૭ | સોયાબીન | ૮૫૦ | ૮૫૯ |
| ૮ | રાઈ | ૧૧૩૦ | ૧૧૩૦ |

## નાયબ દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષસ્થાને સાંજે ૬ કલાકે

# અમરેલીમાં આજે વેપારી મહામંડળ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

**મુખ્ય મહેમાનપદે પરેશ ધાનાણી, મુકેશ સંઘાણી અને પી.પી. સોજીત્રા રહેશે**


**અતિથિ વિશેષપદે કાળુભાઈ ભંડેરી, જીતુભાઈ ગોળવાળા, ભગીરથ ત્રિવેદી વિગેરે રહેશે**

**શહેરનાં જુદા-જુદા વેપારી એસોસિએશનનાં પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે**

**કાર્યક્રમને સફળ બનાવવા મહામંડળનાં પ્રમુખ બિરજુ અટારાનાં નેતૃત્વમાં તડામાર તૈયારીઓ**







અમરેલી, તા. ૩૦

અમરેલીમાં આવતીકાલ રવિવારે સાંજે ૬ કલાકે ગણેશ પાર્ટીપ્લોટ ખાતે અમરેલી વેપારી મહા મંડળ દ્વારા વેપારીઓનું સ્નેહમિલન નાયબ દંડક કૌશિક વેકરિયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, સારહિ કલબના પ્રમુખ મુકેશ સંઘાણી અને માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા રહેશે અને અતિથિ વિશેષપદે ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, અગ્રણી વેપારી જીતુભાઈ ગોળવાળા, વિજયભાઈ ફીણાવા, રજનીભાઈ પાટડીયા, રસીકભાઈ પાથર, જીતુભાઈ બોરસાણીયા અને ડીસ્ટ્રીકટ ચેમ્બરના પ્રમુખ ભગીરથ ત્રિવેદી રહેશે.

આ કાર્યક્રમમાં શહેરનાં જુદા-જુદા વેપારી એસો.ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે વેપારી મહામંડળના પ્રમુખ બિરજુ અટારાના નેતૃત્વમાં બોર્ડ મેમ્બર્સ અને એડવાઈઝરી સમિતિનાં પદાધિકારીઓ ભારે જહેમત ઉઠાવી રહયા છે.

---

## પ્રધાનમંત્રીનાં ૭૩માં જન્મ દિવસે

# સા.કુંડલાનાં ધારાસભ્યનાં કાર્યાલય ખાતે આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો

**મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો**

સાવરકુંડલા, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૭૩ માં જન્મદિવસને સેવા પખવાડિયા તરીકે ઉજવવાનાં કાર્યક્રમનાં ભાગરૂપે સાવરકુંડલા-લીલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા ખાતે અટલ ધારા કાર્યાલય ખાતે આયુષ્યમાન કાર્ડ અને આવકનાં દાખલા અંગેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો ને સાવરકુંડલા લીલીયા વિસ્તારનાં છેવાડાનાં ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉમટી પડયા હતાં.



સાવરકુંડલાનાં મામલતદાર, ડી.વાય.એસ.પી., ચીફ ઓફિસર સહિતનાં અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા ને કાર્યક્રમનો દીપ પ્રાગટય સંત શિરોમણી ભકિત બાપુનાં વરદ્‌હસ્તે કરીને કેન્દ્ર સરકારની પરિવારને નિશ્ચિત કરી આપતી આયુષ્યમાન કાર્ડની યોજનાનો લાભ છેવાડા વ્યકિત સુધી પહોંચે તેવા ધ્યેયને સાર્થક કરવાનાં મજબૂત ઈરાદા અને વિચરતી અને પછાત જાતિના અમુક વ્યકિતઓના રેશનિંગ કાર્ડ, આવકના દાખલાઓ, જન્મનાં દાખલાઓ નથી માત્ર આધારકાર્ડ છે એવા વ્યક્તિઓ માટે પણ અમરેલી કલેકટર જોડે ચર્ચા વિચારણા કરીને ભારતીય નાગરિક હોવા છતાં સાવ પછાત અને વિચરતી જાતિનાં વ્યકિતઓ પ્રત્યે દરેક સરકારી લાભો મળી રહે તેવું આયોજન કરવાનો ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું. સાંસદ નારણભાઈ કાછડીયા અને મહેશભાઈ કસવાલાની ધારાસભ્ય તરીકેનાં આવા માનવ સેવાનાં પ્રયાસોને તમામ વિધાનસભામાં કરવા જોઈએ. તેવો અભિપ્રાય વ્યકત કર્યો હતો સાથે આજ સુધી આ વિસ્તારનાં આયુષ્યમાન કાર્ડથી વંચિત લોકોને લાભ લેવા આગ્રહ કાર્યો કર્યા હતા. જયારે બે દિવસ સુધી આ આયુષ્યમાન કાર્ડ અને આવકનાં દાખલા અંગેનાં કેમ્પ બે દિવસ સુધી રહેશે ને શહેર સાથે દરેક છેવાડાનાં ગામડાનાં વ્યકિતઓ ઘર બેઠા ગંગા સમાન આ કેમ્પનો લાભ લે તેવો અનુરોધ અટલધારા કાર્યાલય ખાતેથી કરવામાં આવ્યો હતો.

---

## અંધશ્રદ્ધાથી દુર રહી પ્રાણી કરડયાનાં ૨૪ થી ૪૮ કલાકમાં

# કુતરા સહિત કોઈ પણ પ્રાણી કરડે તો હડકવા વિરોધી રસી અવશ્ય લેવી જ જોઈએ



વિરમગામ, તા.૩૦

( વંદના નીલકંઠ વાસુકીયા)

વિરમગામ : કુતરા સહિત કોઈ પણ પ્રાણી કરડે અને સમયસર જો એન્ટી રેબીસ વેકિસન (હડકવા વિરોધી રસી) ન લેવામાં આવે તો હડકવા થઈ શકે., હડકવાએ જીવલેણ રોગ છે. પરંતુ જો કુતરૂ અથવા તો કોઈ પણ પ્રાણી કરડે તો નજીકનાં આરોગ્ય કેન્દ્રમાં જઈને ૨૪ થી ૪૮ કલાકની અંદર એન્ટી રેબિસ વેકિસન લેવામાં આવે તો હડકવા થવાની શકયતા રહેતી નથી. અમદાવાદ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી એમ કે દવાો અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેષ પરમારનાં માર્ગદર્શન હેઠળ વિશ્વ હડકવા દિવસ નિમિતે કર્મચારીઓને તાલીમ અને જાહેર જનતામાં જનજાગૃતિ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગનાં અધિકારીઓ કર્મચારીઓ દ્વારા લોકોને હડકવાથી બચવાનાં ઉપાયો અને ગેરમાન્યતાઓ દુર કરવા માટે સમજણ આપવામાં આવી હતી. અંધશ્રદ્ધા છોડીને લોકોને રસી લેવા માટે સમજાવવામાં આવ્યા હતા. અમદાવાદ શહેર, જિલ્લાની વાત કરવામાં આવે તો ચાલુ વર્ષે ૯૫૫૬ લોકોને એન્ટી રેબીસ વેકિસન આપવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં દૈનિક આશરે ૨૦ થી ૨૫ એનિમલ બાઈટનાં દર્દીઓ નોંધાય છે.

કુતરા સહિત કોઈ પણ પ્રાણી કરડે અથવા ખાસ કરીને કુતરૂં કરડે તો આરોગ્ય વિભાગ દ્વારા દર્દીને એન્ટી રેબીસ વેકિસન આપવાની થાય છે. પરંતુ જો નગરપાલિકા, ગ્રામ પંચાયત સહિત સ્થાનિકા તંત્ર દ્વારા રખડતા કુતરાઓનું ખસીકરણ કરવામાં આવો તો કુતરાઓની સંખ્યા ઘટશે અને એન્ટી રેબિસ વેકિસન આપવાનો આરોગ્ય વિભાગ પર પડતો બોજો ઘટાડી શકાશે. દેશમાં દર વર્ષે ૧૨૦ થી ૧૪૦ વ્યકિઓનાં મૃત્યુ હડકવાનાં કારણે થાય છે. તેમ અમદાવાદ જિલ્લાનાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈએ જણાવ્યું હતું.

---

## નાયબ દંડક અને સાંસદનાં વરદ હસ્તે

# અમરેલી જિલ્લાની ૨૫ પંચાયતોને ઈ-રીક્ષા અર્પણ કરવામાં આવી

અમરેલી તા.૩૦

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આગામી તા.૦૧ ઓક્ટોબરથી સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત સ્વચ્છતાને લગતા વિવિધ કાર્યક્રમો અને સફાઈ અભિયાન હાથ ધરાશે.દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરીમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમની શરૂઆત થશે. આ કડીના ભાગ રૂપે સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામિણ) અંતર્ગત કાયમી ધોરણે ગ્રામિણ વિસ્તારોમાં ઘન કચરાના વ્યવસ્થાપન માટે ઈ-રીક્ષા દ્વારા કચરો એકઠો કરી અને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવા હેતુથી અમરેલી જિલ્લાની ૨૫ ગ્રામ પંચાયતોને શનિવારે જિલ્લા પંચાયત પરીસરમાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક, કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડીયાના હસ્તે ૨૫ ગામના સરપંચને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે ઈ-રીક્ષાની ચાવી અર્પણ કરવામાં આવી હતી.



મહાનુભાવોએ જિલ્લા પંચાયત પરીસરથી લીલી ઝંડીબતાવી આ ઈ-રીક્ષાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના નાના આંકડીયા, સરંભડા, બગસરા તાલુકાના સુડાવડ, મોટા મુંજીયાસર, ધારી તાલુકાના ગોપાલગ્રામ, ભાડેર, જાફરબાદ તાલુકાના કડીયાળી, ભાડા, નાગેશ્રી, હેમાળ, ખાંભા તાલુકાના ખાંભા, કુંકાવાવ તાલુકાના મોટી કુંકાવાવ, અમરાપુર, દેવગામ, નાની કુંકાવાવ, લુણીધાર, ઢૂંઢીયા પીપળીયા, તોરી, લાઠી તાલુકાના ધામેલ, મતીરાળા, ભુરખીયા, લીલીયા તાલુકાના આંબા, લીલીયા મોટા, જાત્રોડા, સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગ્રામ પંચાયતના સરપંચને ઈ-રીક્ષા અર્પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા પંચયાતના પ્રમુખ, વિવિધ સમિતિના ચેરમેન, ઈન્ચાર્જ જિલ્લા કલેકટર દિનેશ ગુરવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વસ્તાણી, જિલ્લા પંચાયત, ગ્રામ પંચયાતના સદસ્યઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# અમરેલી ખાતે કલાવાટિકા ફાઉન્ડેશન દ્વારા સર્જનકાર્યનું ડિજિટલ આયોજન




અમરેલી, પૃથ્વી, પાણી, પર્યાવરણ અને આરોગ્યના રક્ષણ માટે આવશ્યક એવી માટીની ઉપલબ્ધિ અને ફળદ્રપતા ખુબ ખુબ જરૂરી છે. એટલો જ જરૂરી ખાન, પાન કે ખાદ્ય ચીજોનાં સંગ્રહ માટે શકય એટલો માટીનાં માધ્યમ / વાસણનો વપરાશ છે. આજકાલ તો સર્વ સામાન્ય અને આવશ્યક એવા પીવાનાં પાણી માટે માટલાં અને રોટલી રોટલા પકાવવા માટે તાવડી પણ કેટલાક ઘરોમાંથી ગાયબ થયાં છે. આર.ઓ.પ્લાન્ટની પ્લાસ્ટિક ટાંકીમાંથી સીધે સીધું અથવા પ્લાસ્ટિક બોટલ/કેરબામાં ભરેલું ઠંડુ પાણી પીવાની ટેવ આદત/ફેશન પ્રસરી છે. એવી જ રીતે રોટલી, ભાખરી માટે લોઢી કે નોનસ્ટિક વપરાય છે. જે ઘણું જ નુકશાનકારક છે. ત્યારે 'પાણી તો માટલાનું જ' અને 'રોટલીા, રોટલા, ભાખરી તાવડીનાં જ''આ આદત, આગ્રહ સૌએ રાખવો જોઈએ. ખાસ કરીને દરેક ઘરની સ્ત્રીઓએ તેમાં કોઈ પ્રકારની આળસ, બાંધછોડ ન કરવી. આવા એક ઉમદા હેતુ સાથે કલાવાટિકા ફાઉન્ડેશન દ્વારા ઓગષ્ટ-૨૦૨૩ માં એક સર્જનકાર્યનું ડિજિટલ આયોજન થયું. વિષય હતો. માટીનાં વપરાશની વસ્તુ / વાસણો, જેમાં ગુજરાતભરમાંથી ૮૦ થી વધુ લોકોએ ભાગ લીધો. પોતાનાં રોજીંદા વપરાશની માટીની વસ્તુ, ભૂતકાળમાં વાપરેલી વસ્તુઓ, વાપરેલી વસ્તુઓનું રંગરોગાન-ચિત્રો વગેરે કરીને ડેકોરેશન અન્ય સ્થળોએ કોઈનાં દ્વારા વપરાતી વસ્તુઓ વગેરેની ભાતીગળ ૪૦૦ જેટલી કૃતિઓ મોકલી આ કૃતિઓમાં પીવાનાં પાણીનાં વિવિધ માટલા, ગોળા, નાંદ, લોટ,ગ્લાસ, જારી, કુંજો ,ભંભલી, છાશ બનાવવા/ભરવાની ગોળી, માટલી, દહીં જમાવવાની નાની-મોટી હાંડી, મોટા કટોરા, શાક, સંભારા, કઢી, ખીચડી, ભાત વગેરે બનાવવા અને તળવા માટેના નાનાં મોટાં તવા, કૂકર,નાની-મોટી તાવડી, ચાની કુલડી, થાળી, વાટકા, ચમચી, તહેવાર, પ્રસંગ સમયના ગણપતિ, શિવલિંગ કે માતાજી .વગેરેની મૂર્તિઓ, ગરબા, માટીના કોડિયાં,તોરણ, ઝુમ્મર.વગેરે સામગ્રીનો ઢગલો થયો. તો વળી કોઈ ઘરમાં હજુ પણ વપરાતાં માટીનાં ચૂલા, સગડી અને ઘંટીનું થાળું, સિલાઈ મશીન તથા ફોન તો અદભૂત હતાં. આ સમયે માટીના નવા અને જૂના. ડિઝાઈનર અને ડેકોરેટ વિવિધ પોટ, ભીંત ચિત્ર, લીંપણ, માટીના ઘર, પંખી ઘર, પંખીને જળ પીવાનાં કુંડા, વનસ્પતિ / છોડના કુંડા વગેરેમાં માટીનો વૈભવ ધબકતો હતો. આમ,સૌ માટે જાણીતી તો કેટલાક માટે કેટલીક દુર્લભ એવી માટીની વસ્તુઓ, તેનો વપરાશ સૌને જોવા,જાણવા મળ્યો. કલાવાટિકા ફાઉન્ડર ડો.ભારતીબેન જી.બોરડ દ્વારા આયોજિત આ કાર્યક્રમ નિમિત્તે માટીના તવ-સવને જાણનાર,માણનાર,જાળવનાર આ ઉત્સાહીઓ હતાં. સર્વ કંચનબેન કાથરોટિયા,ડો. તન્વી શાહ,કાજલબા ગોહિલ, હેમલતાબેન દિવેચા, કાશ્મીરાબેન ભટ્ટ, જયોતિબેન રામાણી, છાયાબેન પટેલ, રશ્મિબેન સંપટ,રેખા રાણા, નિહારિકા રાણા, પ્રવિણાબેન વાઘેલા, દિવાન એન્જલ, નિર્મલાબેન ઠક્કર, ઋતુ મહેતા, મનિષાબેન જોષી, ભારતી ભંડેરી, સોનલ જેઠવા, અનિલાબેન પંડયા, ચૌહાણ મનિષાબેન, ભાલોડિયા ગીતાબેન, લીનાબેન સતવારા, શીતલબેન મહેતા, મીનાબેન ઉદેશી, ઈન્દુબેન ટેઈલર,જયશ્રીબેન શિયાલવાલા, જયશ્રીબા ગોહિલ, નેહાબેન શાહ, આશાબેન ભટ્ટ, નયનાબેન ઠક્કર, ડો. નારદીબેન પારેખ, નીતાબેન પટેલ, ગીતા પટેલ,વર્ષા વેદ, વિભૂતિબેન દેસાઈ, જયોતિબેન પારેખ, ખ્યાતિ શિયાલવાલા, રેખાબેન રાણા, ડો. ભારતીબેન બોરડ,ડો.ઉષાબેન ટાભાણી,સરયુબેન પંડયા, રમીલાબેન દેસાઈ, કાન્તાબેન પટેલ, જાગૃતિ શિરોયા, સોનલ વેકરિયા, સાકરબેન કાછડીયા, અમી મહેતા, રાજુલ મોરે, શિલ્પાબેન ભૂત,કાજલ સાયાણી, પારૂલ પટેલ, સુનીલભાઈ પેઈન્ટર, વૈભવી પંત, ગૌરીબેન સંપટ, કુસુમબેન સંપટ, શાળાનાં બાળકો વગેરે સૌને કૃતિના વધામણાં અને કલાવંદના સાથે યાદગીરી રૂપે

